vitraag vigyaan

# અનન્ય પરિવર્તન

May 2017, Mumbai • Volume 7 • Issue 3



સંત વિના અંતની
વાતમાં અંત પામતો નથી.





સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક
શબ્દમાં અનંત આગમ રહ્યા છે.

# સંતોનો સમાગમ - કોલકતા











# અનુક્રમણિકા


પ્રાર્થના ........................................ ૩
પત્રોની પાંખે .................................. ૪
જ્ઞાન સાગર ..................................... ૫
पूज्यश्री की अमृतवाणी ............... ८
The Master's Voice ..................... ૧૨
વિશેષ અહેવાલ ............................... ૧૫
મોક્ષમાર્ગનો ક્રમ .............................. ૧૭
પરમ પૂજ્ય મમ્મીજી ......................... ૨૧
પ્રશ્નોત્તરી ......................................... ૨૪
મહાવીર જયંતિ ................................ ૨૬
શ્રી રાધાવતાર ................................. ૨૭
ધારાવાહિક નવલિકા ........................... ૩૧
સત્પુરુષાર્થ ....................................... ૩૪
સંબંધોના સથવારે .............................. ૩૫
RIYF-દ્રવ્યોના સિદ્ધાંતો ....................... ૩૬
एक प्रेरणात्मक सत्य कथा ............... ३८
એક નાની વાર્તા ................................ ૪૧
Monday Motivation ...................... ૪૨
અહેવાલ .......................................... ૪૩
Health To Happiness .................. ૪૪
Kidzone ....................................... ૪૬
Recent News ................................ ૪૭
તત્ત્વ ઉકેલ ....................................... ૪૯
Forthcoming Events ................... ૫૦
From Us to You ........................... ૫૧
Sponsorship ................................ ૫૨












## EDITORIAL



ગ્રીષ્મ ઋતુના આ બળબળતાં તાપમાં રીસર્ચ સેન્ટરના સર્વ મુમુક્ષુઓ માટે ઠંડકનો અનુભવ કરાવી ગયો ગૌતમ સ્વામીનો વિનય ગુણ. એ જ દિવસે પરમ કૃપાળુ દેવનો દેહવિલય દિવસ પણ હતો. આપણા સહુના પરમ ઉપકારી પૂજ્ય પ્રેમઆચાર્યજી અને શ્રી નિલેશભાઈની ઉપસ્થિતિમાં આ બન્ને પ્રસંગની અલૌકિક અને દિવ્ય ઉજવણી થઈ. આપણે કેવો વિનય ખીલવવો જોઈએ એ શ્રી રૂપેશભાઈ વોરા દ્વારા કરાવેલ અનુષ્ઠાન દ્વારા હૃદયસ્થ થયું.

ગૌતમ સ્વામી તો આત્માના અસ્તિત્વની શંકા ભગવાન મહાવીર પાસે રજુ કરવાના હતાં પણ આપણા જેવા અજ્ઞાની જીવો જેમણે કોઈ ભવમાં ક્યારેય આત્માને જાણ્યો કે અનુભવ્યો ન હોય, આત્માની અનંત શક્તિઓનો પરિચય ન હોય એમને આ બધી શક્તિઓ પોતાનામાં પણ છે એનો વિચાર પણ ન જ આવે. એના માટે આત્મ પ્રાપ્ત પુરુષના પરિચયમાં - સમાગમમાં જો રહેવાય તો જ અચિંત્ય એવા આત્મ તત્વનું મહાત્મ્ય અંતરના ઉંડાણથી સમજાય અને એને પ્રાપ્ત કરવાની ઈચ્છા જીવને થાય.

મુમુક્ષુના જીવનમાં આવેલી સોનેરી ક્ષણ કોને કહેવાય ? જ્યારે કોઈ દિવ્ય પળે એને સંતોનું સાનિધ્ય મળે ત્યારે. સંસ્થાના કોલકાતા સેન્ટરના મુમુક્ષુઓ માટે એ અદ્‌ભુત સમય હતો જ્યારે એક સાથે બે સંતોનો સમાગમ એમને મળ્યો. પૂજ્ય નિલેશભાઈ અને શ્રીમદ્ રાજચંદ્ર મીશન આશ્રમ ધરમપુરના પ્રેરક પૂજ્ય રાકેશભાઈના સત્સંગનો લાભ એમને મળ્યો. ધર્મ એટલે જીવન જીવવાની કળા અને ભક્તિમાર્ગે આરાધના કરી રહેલા મોક્ષમાર્ગના જીવોને પુરુષાર્થની રીત વિશે વિશેષથી સમજણ મળી જેનો અહેવાલ આ અંકમાં વાંચશો.

આ સિવાય બીજા નવા લેખ આ અંકમાં આપ્યા છે જેનાથી પરમાર્થ માર્ગમાં આગળ વધવાનું અનેરું બળ મળશે.

# હે તારણહાર દેવાધિદેવ !

ભગવાન તત્વની સાચી ઓળખાણ વગર
ભવોભવથી અંધશ્રદ્ધાથી ભક્તિ અને ધર્મ
કરીને પણ આર્તધ્યાન કરી પરિભ્રમણ જ કર્યું.

આજે આપની કૃપાથી સમજાય છે કે વસ્તુ
સ્વભાવથી  આખુ બ્રહ્માંડ ચાલે છે, માટે
દરેક જગ્યાએથી અહમત્વ ભાવ ક્ષય કરી,
હું આત્મા છું અને આત્મા સિવાય કંઈ
જ મારું નથી એ દ્રઢપણું કરાવજો.

હવે મસ્તકથી અને હૃદયથી સમજાય છે કે
મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે માટે આપ
જે બોધ આપો છો એ પરિણામના લક્ષ
સાથે પ્રયોગ કરી, પ્રુફ
મેળવી આગળ વધુ.

મને સત્શ્રૃતનું અવલંબન કેવળજ્ઞાન
પ્રગટે ત્યાં સુધી રહે એવી મારી આકાંક્ષા
પૂર્ણ થાય એવા આશીર્વાદ આપજો.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

સૌજન્ય : ક્રિષ્ણા રાજેશ રૂપાણી, જમશેદપુર

# પત્રોની પાંખે

*નિજી ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તરરૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.*

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતરદયા, તે કહીએ જીજ્ઞાસ.
તે જીજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ;
તો પામે સમકિતને, વર્તે અંતરશોધ.

આત્મધર્મ જીજ્ઞાસુ બહેનશ્રી તથા ભાઈશ્રી.

જ્ઞાનપ્રાપ્તિ, આત્મજ્ઞાન કે સમકિત જે કહો તેની પ્રાપ્તિ માટે પાંચ લક્ષણો શાસ્ત્રમાં જણાવ્યા છે, જે લક્ષણો - ગુણો પ્રાપ્ત થયે જીવને યોગ્યતાની પ્રાપ્તિ થાય છે. તે લક્ષણો છે : (૧) શમ (૨) સંવેગ (૩) નિર્વેદ (૪) અનુકંપા (૫) આસ્થા.

કષાયોની મંદતા થવી, મોક્ષ સિવાય કંઈ ઈચ્છા ન હોવી, સંસાર પ્રત્યે અનહદ ખેદ - ક્યારે છૂટીએ ? ક્યારે છૂટીએ ? અને સર્વ જીવોનું કલ્યાણ થાય તથા આસ્થા એટલે વિશ્વાસ, શ્રદ્ધા, આજ્ઞાંકિતપણું - દેવ, ગુરુ, ધર્મનું. આ આત્મજ્ઞાન પ્રાપ્તિના કારણો છે. જેને તે પ્રાપ્ત છે કે તે પ્રાપ્ત કરવા ભગીરથ પુરુષાર્થ કરે છે તે જીજ્ઞાસુ છે.

આવા જીવને આત્મજ્ઞ પુરુષનો બોધ પ્રાપ્ત થાય તો અવશ્ય સમકિત - આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરે અને તેમ કરી પોતાના અંતરને, હૃદયને શોધન કરે, નિર્મળ કરે, શુદ્ધ કર્યાજ કરે અને પરિણામે અનુક્રમે આગળ વધી સર્વ સિદ્ધિને પ્રાપ્ત થાય.

(વચનામૃત પત્ર ૧૩૫ તથા આત્મસિદ્ધિ ગાથા ૧૦૮ થી ૧૧૨ ના અર્થ જોઈ જશો અને પત્રને વિશેષથી વિચારશો.) ◆

એજ લિ.
આત્મભાવે વંદન





# ભક્તિમાર્ગનું રહસ્ય

## પ્રાર્થનાનું સ્વરૂપ

**પ્રાર્થનાની ત્રીજી અવસ્થા**

**આ અવસ્થામાં ભગવાનના પ્રેમી ભક્તમાં શ્રી સત્પુરુષનાં વચનામૃતનાં વાંચન અને અભ્યાસથી વિવેક ઊગે છે કે આ સંસાર અસાર અને અશરણરૂપ છે, દુઃખથી આર્ત અને ભયાકુળ છે, દેહ નાશવંત છે અને ભોગ રોગ સમાન છે, માત્ર એક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અવિનાશી આત્મા જ સર્વોત્કૃષ્ટ પદાર્થ છે અને તેથી તે અચિંત્ય, અનુપમ, સ્વપરપ્રકાશક, જ્ઞાન-દર્શનમય તત્વ પ્રાપ્ત કરવા યોગ્ય, ઉપાદેય અને આરાધવા યોગ્ય છે.**

આત્માના આંશિક ગુણો જ્યારે પ્રગટ થાય ત્યારે એક તરફથી લાગે ભ્રાંતિ હશે, પછી લાગે કદાચ હશે, પણ એવી ઈચ્છા રહે કે બીજીવાર બરાબર અનુભવ થઈ જાય તો ખબર પડે સ્વાદ કેવો છે. આત્માનો આંશિક અનુભવ, ભ્રાંતિવાળો કહીએ એ થયા પછી તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય છે અને ઘણા પ્રયત્ન કરવા છતાં પ્રાપ્ત ન થાય ત્યારે સત્પુરુષનું મહાત્મ્ય જીવને સમજાય છે.

સૌજન્ય : ઉલ્લાસીનીબેન દોશી, મુંબઈ

સત્પુરુષ મળે તો ચોખવટથી કાંઈક વિશેષ સમજણ પડે અને પછી આત્માનો બળવાન અનુભવ વારંવાર થયા કરે. આત્માની અદ્‌ભુત દશા પ્રાપ્ત થાય. આ સ્ટેજ આવે ત્યારે જ્ઞાનીપુરુષ કે સત્પુરુષનું અત્યંત એવું મહાત્મ્ય હૃદયના ઊંડાણથી વેદન થાય છે કે હવે એના વગર નહીં ચાલે.

**પ્રેમી ભક્તમાં શ્રી સત્પુરુષના વચનામૃતનાં વાંચન - અભ્યાસથી વિવેક ઊગે છે.**

જડ અને ચેતનનો ભેદ, નિત્ય અને અનિત્યનો ભેદ, કર્તા અને અકર્તાપણાનો ભેદ, કઈ વસ્તુ ખોટી અને કઈ વસ્તુ સાચી તેની યથાર્થ સમજણ તેનું નામ વિવેક.

મુખ્યપણે જડ અને ચેતનનો ભેદ સમજવામાં આવે. જડ પદાર્થનું જે અત્યંત મહાત્મય અનાદિકાળથી અત્યાર સુધી આપણને હતું એ આ વિવેકથી ઓછું થાય છે. પહેલા સંસાર સારવાળો લાગતો હતો, હવે અસાર લાગે છે, અશરણરૂપ લાગે છે. પૂર્વનાં ઋણાનુંબંધના કારણે એક જીવ બીજા જીવનાં કામમાં કોઈપણ રીતે આવતો હોય ત્યારે મનમાં વિચાર આવે કે બીજા માટે કેટલું કરીએ છીએ અને સામેવાળો કૃતઘ્ન થઈ ઉંધી રીતે વર્તે છે. આ જગ્યાએ ચોક્કસ જીવને સમજમાં આવે છે કે એનું પુણ્ય હતું, ઋણાનુંબંધ હતો, માટે દુઃખી થઈને પ્રેમથી આપી દેવું પડયું. પુણ્ય છે તો જ મળે છે, પાપ છે તો ચાલ્યું જાય છે. ત્યારે સંસાર અશરણરૂપ લાગે છે. દુઃખી માણસનો ચોક્કસ અનુભવ હશે કે જ્યારે ખરેખર આપણને જરૂર હોય છે ત્યારે કોઈ મદદ કરતું નથી. ત્યારે આ સંસારનું અસારપણું અને અશરણપણું જીવને સમજવામાં આવે છે.

**સંસાર દુઃખથી આર્ત અને ભયાકુળ છે.**

કોઈને કોઈ પ્રકારના ભયથી આખું જગત જીવે છે.

> **આત્મપ્રાપ્ત એવા પુરુષની મારફ્ત જ્યારે અચિંત્ય એવા આત્માનું મહાત્મય અંતરનાં ઉંડાણથી વેદન થાય ત્યારે આત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા જીવને ઉત્પન્ન થાય.**

આત્માનો જ્યારે નિર્ણય થાય અને શાંતિ અને સુખનું વેદન કરે ત્યારે જ જીવને સમજણ પડે છે કે કેવા ભયની અંદર જીવતા હતા. કેટલાય ભવોથી ભયથી જીવીએ છીએ.

**દેહ નાશવંત છે અને દરેકે દરેક ભોગ રોગ સમાન છે.**

કોઈપણ વસ્તુ અમુક માત્રાથી વિશેષ પ્રકારે ગ્રહણ કરવામાં આવે તો એ ભયંકર નુકસાન કરે છે. ભોગ જ્યારે લીમીટની બહાર જાય ત્યારે શારીરિક રોગ થાય. ઘણા લોકો કહે છે કે અમે લીમીટમાં ભોગ ભોગવીએ છીએ; આખી જિંદગી નિરોગી છીએ લૌકિક દૃષ્ટિથી તો એ જગ્યાએ જીવને ખબર નથી કે ભોગથી ભવરોગ નીરંતર ચાલુ રહ્યા કરે છે. પાંચ ઈન્દ્રિયના ભોગની જીવને જેટલી જેટલી ઈચ્છા છે ત્યાં સુધી એ ભવરોગ ચાલુ જ રહે છે.

**માત્ર એક શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી આત્મા જ સર્વોત્કૃષ્ટ પદાર્થ છે.**

કોઈ ભવમાં ક્યારેય જે આત્માને જોયો, જાણ્યો કે અનુભવ્યો ન હોય અથવા જેને સાક્ષાત અનુભવ કરેલો છે એવા કોઈ પુરુષના પરિચયમાં પણ ન આવેલા હોઈએ અને ખાલી શબ્દથી આત્મા જાણતા હોઈએ તો પછી આત્માનું મહાત્મય જીવને સમજવામાં ક્યાંથી આવે? આત્માનો વૈભવ કે આત્માની અનંત શક્તિઓ વિશે અજાણ હોઈએ, આવી શક્તિ પ્રગટ જ ન થાય તો પછી એ આત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા માત્ર ઉત્પન્ન ન થાય. આટલા ભવોમાં આત્માના ગુણો, એનો વૈભવ, રિદ્ધિ સિદ્ધિઓ, અનંત શક્તિઓ કંઈ આપણે જાણેલું ન હોય અથવા એ બધી શક્તિઓ મારામાં છે એવો પણ વિચાર ન આવેલો હોય તો પછી એનાથી ઉતરતા સંસારનાં ભૌતિક પદાર્થોનો વિચાર આવે એ સ્વાભાવિક છે. જ્યારે આત્મપ્રાપ્ત એવા પુરુષની મારફત અચિંત્ય એવા આત્માનું મહાત્મય અંતરનાં ઉંડાણથી વેદન થાય ત્યારે આત્માને પ્રાપ્ત કરવાની ઈચ્છા જીવને ઉત્પન્ન થાય.

**આ વિવેક પૂર્વકના વિચારથી જીવમાં ઉચિત વૈરાગ્ય અને ઉપશમ પ્રગટ થાય છે અથવા કહો કે**

**કલ્યાણમૂર્તિ પવિત્ર સમ્યકદર્શનની પ્રાપ્તિ અર્થેના લક્ષણો શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા ઉદીત થઈ વર્ધમાનતાને પામતાં જાય છે; વૃત્તિઓ ને કષાયો ઉપશાંત થાય, વાળી લેવાય એવી આત્મદશા થાય તે 'શમ'; આત્માની નિજ શુદ્ધતા પ્રાપ્ત કરવાની અભિલાષા તે 'સંવેગ'; ક્લેશમય સંસારથી વિરામ પામવાના ભાવ તે 'નિર્વેદ'; સત્પુરુષના વચનોના ભાવનો અંતરથી સ્વીકાર તે 'આસ્થા' અથવા દેહાદિથી ભિન્ન હું ચેતન છું એવી શ્રદ્ધા તે 'આસ્થા' અને બંધાયેલા ચિદ્ ચમત્કાર માટે કરૂણા આવવી તે 'અનુકંપા'.**

આપણા આત્માની કઈ અવસ્થા, કઈ દશા છે, એ દશાએ કયો પુરુષાર્થ જોઈએ એ જાણવું અત્યંત જરૂરી છે. હવે જે દશા છે એને અનુરૂપ પુરુષાર્થ થતો હોય તો દશા વધતી જાય અને એને અનુરૂપ પુરુષાર્થ ન હોય તો અક્ષર ઉકલે પણ સમજાય તો કાંઈ નહીં.

'આત્મા જેવો સર્વોત્કૃષ્ટ પદાર્થ કોઈ નથી. અચિંત્ય એનું મહાત્મય છે. અનુપમ એવો પદાર્થ છે.' આટલી દશા જ્યારે પ્રાપ્ત થાય ત્યારે સમકિત અથવા આત્મજ્ઞાન એ જીવને ચોક્કસ ચોક્કસ પ્રાપ્ત થાય.

વિવેકપૂર્વકનો વિચાર કે સંસાર અસાર છે, અનિત્ય છે એવા ભાવ બળવાનપણે થાય ત્યારે આત્માને ગ્રહણ કરવાની, સંસારભાવ છોડવાની ઈચ્છા થાય. પહેલાં જે સંસારનાં દરેક દરેક પદાર્થની અંદર તીવ્ર એવી તાલાવેલી રહેતી કે આ જોઈએ છે, આ જોઈએ છે એ જગ્યાએ જીવને વૈરાગ્યપૂર્ણ સમજણથી લાગે છે કે આ પદાર્થ નાશવંત છે, એ ન હોય તો ચાલે એવું છે. આત્મા વિભાવમાં, પરભાવમાં જઈ અને આવા જડ પદાર્થથી આકર્ષિત ન થાય, પોતે પોતાના સ્વભાવમાં રહે એવી સમજણ આવે છે. 'પરપદાર્થનું આકર્ષણ બિલકુલ ન જોઈએ,' એ ભાવ જ્યારે પ્રેક્ટીસમાં આવે એ 'વૈરાગ્ય' છે. કોઈપણ પદાર્થને જોયા પછી એને પ્રાપ્ત કરવાની

**સંસારના જુદા જુદા પદાર્થો પ્રત્યે તીવ્ર એવી તાલાવેલી કે આ પદાર્થ મને જોઈએ છે, આવા વિચારો શમી જાય, શાંત થાય, તીવ્રપણે ન થાય એ ઉપશમ ભાવ છે. જેટલો ઉપશમભાવ છે એટલો આત્માનો વિકાસ છે.**

તાલાવેલી બીલકુલ ન હોય.

સંસારના પાંચ ઈન્દ્રિયોના જે કાંઈ વિષયો છે એના પ્રત્યે અત્યંત અત્યંત એવી ઉદાસીનતા અંતરના ઉંડાણથી રહ્યા કરતી હોય તો વૈરાગ્ય બળવાનપણે વધતો જાય છે અને પછી ઉપશમ પ્રગટ થાય છે. સંસારના જુદા જુદા પદાર્થો પ્રત્યે તીવ્ર એવી તાલાવેલી કે આ પદાર્થ મને જોઈએ છે, એના વગર નહીં ચાલે, આવા વિચારની અંદર ભવોભવથી આપણે જીવતાં હતા. આવા વિચારો શમી જાય, શાંત થાય, તીવ્રપણે ન થાય એ ઉપશમ ભાવ છે. જેટલો ઉપશમભાવ છે એટલો આત્માનો વિકાસ છે. ભાવની જેટલી મંદતા થાય છે એટલી કર્મની પણ મંદતા થતી જાય છે, કર્મની નિર્જરા થતી જાય છે. સંસાર ભાવ ઘણા ઓછા થઈ જતાં સમકિતની પ્રાપ્તિના લક્ષણો પ્રગટ થાય છે. આ પાંચ લક્ષણો પ્રગટ હોય તેને સમકિત કહેવામાં આવે છે. કોઈપણ જીવ ધારે અને વિચાર કરે તો એ પાંચેય લક્ષણોની પ્રાપ્તિ ચોક્કસ થઈ શકે છે. સમકિતનાં ઘણા પ્રકાર છે. આત્માનો આંશિક અનુભવ એ સમકિત છે, એ શરૂઆત છે અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય ત્યાં એ સમકિત પૂર્ણ થાય છે.

જે સમકિતની સમજણથી જીવને નિશ્ચય એટલે સાક્ષાત કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય એવા સમકિતની પ્રાપ્તિ થઈ શકે છે. શમ, સંવેગ નિર્વેદ, આસ્થા અને અનુકંપા આ પાંચ ગુણ જેનામાં હોય એને સમકિત કહેવાય.◆

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

**નોંધ :** પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

**સૌજન્ય : દીના વિનોદચંદ્ર મહેતા, મુંબઈ**

# वचनामृत पत्रांक ४४९

**वैराग्यादि साधनसंपन्न भाई कृष्णदास, श्री खंभात,**
**शुद्ध चित्त से विदित की हुई आपकी विज्ञप्ति पहुँची है।**

**सब परमार्थ के साधनों में परम साधन सत्संग है, सत्पुरुष के चरण के समीप का निवास है। सर्वकाल में उसकी दुर्लभता है और विषमकाल में उसकी अत्यंत दुर्लभता ज्ञानीपुरुषों ने जानी है।**

कोई भी धार्मिक क्रियायें या अनुष्ठान में सबसे सर्वोत्तम साधन है सत्संग। सत्पुरुष के चरणकमल के निकटतम निवास को सत्संग कहते है। समस्त काल में ऐसा सत्संग दुर्लभ है और ऐसे दुषमकाल में ऐसे निवास की अत्यंत अत्यंत ही दुर्लभता है ऐसा ज्ञानी पुरुषों ने भी जाना है। ज्ञानी पुरुषों को पहचानना ही सबसे महत्वपूर्ण बात है और सबसे मुश्किल। चौथे आरे में जब सर्वज्ञ जैसे तीर्थंकर आदि विचरण करते थे तब उनकी भी पहचान होना अत्यंत ही दुर्लभ थी, तो फिर उनसे कम या निम्न दशा के लोगों की पहचान होना कठिन ही रहेगी।

**ज्ञानी पुरुष की प्रवृत्ति, प्रवृत्ति जैसी नहीं होती। जैसे गरम पानी में अग्नि का मुख्य गुण कहा जा सकता, वैसी ज्ञानी की प्रवृत्ति है, तथापि ज्ञानी पुरुष भी किसी प्रकार से भी निवृत्ति को चाहते हैं। पूर्वकाल में आराधना किये हुए निवृत्ति के क्षेत्र, वन, उपवन, योग, समाधि और सत्संगादि ज्ञानिपुरुष को प्रवृत्ति में रहते हुए वारंवार याद आ जाते हैं। तथापि ज्ञानी उदयप्राप्त प्रारब्ध का अनुसरण करते हैं। हमे सत्संग की रुचि रहती है, उसका लक्ष्य रहता है परंतु यहाँ नियमित रुप से वैसा अवकाश नहीं है।**

ज्ञानी पुरुष की प्रवृत्ति, प्रवृत्ति जैसी नहीं होती। जैसे पानी का स्वभाव ठंडक का है। परंतु चुल्हे पर पानी को रख दिया जाय और पानी खौलने लगे तो यह पानी का स्वभाव नहीं है। निमित्त दूर हो जाये तो पानी धीरे धीरे ठंडा होता जायेगा और खुद के मूलभूत स्वरूप की ओर जाकर अंत में ठंडा हो जाता है। आत्मा का मूलभुत स्वभाव या गुण है शांत होना, मौन होना ईत्यादि। ज्ञानीपुरुष ने आत्मा की अद्‌भुत दशा प्राप्त की है। जब वे मन-वचन-काया से संसार की जो-जो प्रवृत्ति करते हैं तो वह प्रवृत्तियाँ उनका स्वभाव नहीं है, वे वह प्रवृत्तियाँ उनकी इच्छा से करते हैं वैसा भी नहीं है। चूल्हे के निमित्त से पानी खौल रहा है इसी प्रकार पूर्व कर्म के उदय के फल स्वरुप ज्ञानी संसार की क्रियायें करते हों फिर भी आत्मा अंतरंग से निवृत्ति को ही भजता है याने कि भाव से निश्चित ही निवृत्ति है। भाव से संसार की किसी भी प्रकार की क्रिया में ज्ञानीपुरुष लिप्त नहीं होते, एक रुप नहीं होते, अंतरंग मन निवृत्ति में ही रहता है नये कर्म बंधन नहीं करते।

पूर्वकाल में आराधना किये हुए निवृत्ति के क्षेत्र, वन, उपवन, योग, समाधि और सत्संगादि ज्ञानी पुरुष को प्रवृत्ति में रहते हुए वारंवार याद आ जाते हैं।

ज्ञानी को अनेक जन्मों की आराधना से अंतरंग की गहराई में पूर्व जन्म भव के अंदर जहाँ - जहाँ वन में, उपवन में जो जो व्रत - तप इत्यादि किये हुए हों, ध्यान समाधि जो भोगी हो वे नजर के सामने संसार के कोई भी कार्य करने के उपरांत भी याद आती रहती है। सत्पुरुष का संयोग जिसके कारण समाधि, उनके साथ का सत्संग यह ज्ञानी पुरुष को प्रवृत्ति में रहते हुए बार बार याद आता है। परम कृपालुदेव इस भव के २५ वर्षो के अंदर किसी भी वन उपवन में नहीं गये थे अर्थात् उन्होंने यहाँ स्पष्ट रुप से कहा है कि हमको अनेक पूर्व भवों का जातिस्मृति ज्ञान है और पूर्व भवों में जो आराधना की है हमें यहाँ पर बैठे-बैठे याद आ रही है। उसके बाद के वर्षों में काविठा, उत्तरसंडा आदि अलग अलग स्थानों पर आराधना की है। पूर्व भवों की आराधना बार बार याद आने के पश्चात् भी ज्ञानी उदय प्राप्त प्रारब्ध का ही अनुसरण करते हैं। अंतरंग की अद्भुत दशा है कि पूर्व जन्म में अथवा इस भव में भी जो आराधना की हो वे किसी प्रकार की प्रवृत्ति में बैठे हों तो भी वह स्मृति में रहता है और मन वहाँ पर एकाग्रचित्त रहता है जिसके कारण संसार की कोई भी देह की क्रिया होती हो तो ज्ञानी वे कर्म की निर्जरा निरंतर करते रहते हैं। अंतरंग भाव अगर संसार में जुड़े नहीं है तो कर्म बंधन का कारण नहीं है, नहीं है। इसलिये अज्ञानी अथवा धर्म आराधना को जो सही तरीके से पहचानते नहीं है ऐसे अधुरे जीव को बार बार वही विचार आते हैं कि यह नहीं कर सकते, व्यापार नहीं कर सकते वि.। ऐसे नकार उदय कर्म हाजर होते ही उससे भागने का प्रयत्न करते हैं इसलिये पुराने कर्म वैसे के वैसे रहते हैं, निर्जरा होती नहीं है और बलवान नये कर्मो के बंध चलते रहते हैं।

अब जो जो कर्म उदय में आयें उस कर्म को समता भाव से भोगने में आये तो उस कर्म की निर्जरा होती है। अगर उस कर्म के साथ तनाव हो याने की आर्तध्यान या रौद्रध्यान हो तो यह दोनो संसारभाव हैं और कर्म बंधन का कारण है। कोई भी बिमारी के समय समता भाव से कर्म भोगने के बदले यदि साता वेदनीय का उदय प्राप्त हो ऐसा रहेता हो तो भाव वह कर्म बंधन का कारण है। ज्ञानी पुरुष

**ज्ञानी पुरुष की प्राप्ति, उनकी आज्ञा और उनके अद्भुत वचनों की प्राप्ति, उन वचनों का यथायोग्य अपने अपने क्षयोपशम के अनुपात से विचार और उन विचारों से तत्व की यथार्थ समझ आये तो अज्ञानता टलती है।**

प्रारब्ध का अनुकरण करते हैं। जिस प्रकार के उदय कर्म हाजिर होते हैं उन उदय कर्मो को समता भाव से भोगते रहते हैं। आकुलता - व्याकुलता नहीं रहती और बिना किसी आर्तध्यान, रौद्रध्यान आदि अशुभ कर्म को भोगते हैं। संसार की क्रिया करते हुए भी सत्संग किया हो वहाँ मन लगा रहता है।

**कल्याण में प्रतिबंधरूप जो जो कारण हैं, उनका जीव को वारंवार विचार करना योग्य है, उन उन कारणों का वारंवार विचार करके उन्हें दूर करना योग्य है और इस मार्ग का अनुसरण किये बिना कल्याण की प्राप्ति नहीं होती। मल, विक्षेप और अज्ञान ये जीव के अनादि के तीन दोष हैं। ज्ञानी पुरुषों के वचनों की प्राप्ति होने पर उनका यथायोग्य विचार होने से अज्ञान की निवृत्ति होती है। उस अज्ञान की संतति बलवान होने से उसका रोध होने के लिये और ज्ञानी पुरुषों के वचनों का यथायोग्य विचार होने के लिये मल और विक्षेप को दूर करने योग्य है। सरलता, क्षमा, अपने दोष देखना, अल्पारंभ, अल्पपरिग्रह मल मिटने के साधन है।**

हर जीव की कर्म प्रकृति भिन्न-भिन्न होती है, सबके स्वभाव विचित्र हैं, आदतें विचित्र है। आदत और स्वभाव का दूसरा नाम कर्म है। हर एक जीव को कल्याण या आत्मज्ञान की प्राप्ति में अवरोध उत्पन्न करे ऐसे कौन कौन से कारण हैं कल्याण के विषय में जो जो कारण प्रतिबंध रुप हैं उनका बार बार विचार करना आवश्यक है।

फिर निरंतर विचारों से, चिंतन से उन उन कारणों को मिटाना आवश्यक है। पुरुषार्थ अनिवार्य है। सम्यक ज्ञान – दर्शन चरित्र में परिणमन होना चाहिये अथवा जिस प्रकार के भाव करते हैं उस प्रकार का आचरण आरंभ होना चाहिये। भले ही एक या दो अंश हो पर दोष मिटाना आवश्यक है। उस मार्ग का अनुसरण किये बिना कल्याण की प्राप्ति नहीं होती।

जीव के अनादि के तीन बड़े दोष हैं मल, विक्षेप और अज्ञान। जब तक जीव के यह दोष टले नहीं अथवा दोष समझ में नहीं आते तब तक कल्याण किस तरह संभव हो सकता है?

**ज्ञानी पुरुषों के वचन की प्राप्ति होने पर उसका यथायोग्य विचार होने से अज्ञान की निवृत्ति होती है।**

यह अज्ञान क्या है? जड़ ऐसे देह को स्वयं का मानना और चेतन्यमय ऐसे आत्मा का लक्ष्य न होना यह अज्ञान है। जब लक्ष्य हमारा देह के प्रति ही होता है तब देह को हर प्रकार की आरोग्यता, सुख शांति प्रदान हो ऐसे ही सब प्रयत्न करने में आते हैं। यही है ये मूलभुत अज्ञान। जीव अनादिकाल से आज तक देह को रंजित या प्रसन्न रखने के लिये पाँच इंद्रियों के भोग अच्छे में अच्छी तरीके से भोगता है। साता वेदनीय कहें यह सुख भले ही आत्मा भोगती है परंतु अज्ञानदशा के कारण मुझे सुख है, साता है ऐसे भाव हैं। तो ज्ञानी पुरुष की प्राप्ति, उसके बाद उनकी आज्ञा की प्राप्ति, उसके बाद उनके अद्‌भुत ऐसे वचनों की प्राप्ति, फिर उन वचनों का यथायोग्य अपने अपने क्षयोपशम के अनुपात से विचार और उन विचारों से तत्व की यथार्थ समझ आये तो अज्ञानता टलती है अर्थात् अनादिकाल की भूल संशोधित हुई। ‘‘मैं शुद्ध चैतन्यमय ऐसा स्वपरप्रकाशक आत्मा हूँ’’ ऐसा जब दृढ़त्व हो तब उसकी अज्ञानता टली ऐसा कहेंगे। समकित हुआ या युं कहें आत्मा की पहचान हुई। जब तक यह अज्ञान टलता नहीं है तो अज्ञान के साथ जो कुछ भी करने में आयेगा तो वह भूल जारी ही रहेगी जिस तरह से अनादिकाल से अभी तक भूल चली ही आ रही थी। ज्ञानीपुरुष के वचन की प्राप्ति हो तब संभव है जब स्वानुभव के आधार पर ज्ञानीपुरुष के ज्ञानीपने को पहचाने। जब ऐसी पहचान होती है तब सीधे आज्ञा मिलती है। ऐसी यथार्थ पहचान नहीं हो तब तक साधारण आज्ञा मिलती है। इन तथ्यों पर विचार करने से अज्ञान की निवृत्ति होती है।

**इस भव में और पहले के भवों में किस किस प्रकार के अशुभ भाव दूसरों के लिये किये होंगे वह मल है।**

**इस अज्ञान की संतती बलवान होने में अवरोधक करने हेतु और ज्ञानी पुरुष के वचनों का यथायोग्य विचार करने के उद्देश्य से मल और विक्षेप को मिटाना आवश्यक है।**

अज्ञान की संतती याने अज्ञान के कारण से दूसरे हजारों दोष जीव में उत्पन्न होते हैं। विचार के उद्‌देश्य से मल और विक्षेप मिटाना आवश्यक है।

**सरलता, क्षमा, खुद के दोष का अवलोकन, अल्पारंभ, अल्प परिग्रह आदि यह मल को नाश करने के साधन हैं।**

मल याने गंदगी या दो वस्तुओं की हीन मिलावट। कर्म बंधन का कारण हमारे विचार हैं। गंदे विचार अनेक भवों से करते आ रहे हैं जिसके फलस्वरुप आत्मा को भयंकर से भयंकर गति की प्राप्ति होगी याने के ६० प्रतिशत तिर्यंच में, एक इंद्रिय, दो इंद्रिय में अनंतकाल तक वहाँ रहे। संसार भोगने के लिये जो विचार हैं उससे कर्म बंधन निश्चित है। अब ऐसे मल को दूर करने के उपाय क्या है? ऐसे निरंतर बंधते अशुभ पाप कर्म को कैसे अटकायें? या कर्म का आत्मा के संयोजन से कैसे पृथक करें? इसके लिये कुछ कारण बताये गये हैं।

**१. सरलपना :** अंशमात्र कपट जैसी बात हृदय में नहीं होनी चाहिये। मिलीजुली बातें बनाकर करें, दूसरों को पता न चले और उनकी बातें निकलवा लें वह असरलपना है। हृदय के अंदर जो कुछ है उसको उलटा करके बोलना,

सामने वाले व्यक्ति को अपने मन के अंदर क्या निहित है वह बिलकुल भी पता न चले ऐसी सतकर्ता रखनी, यह सब असरलपना है और ऐसे दोषों से अपने में से कोई रहित नहीं होगा।

अंतरंग में जो भाव हैं और वे व्यक्त होते रहते हो और पूरी दुनिया कहे कि, 'कैसा मूर्ख है, क्या ऐसी बातें कही जाती हैं क्या? ये बातें तो मन में रखनी चाहिये' जब तक संसार में मुर्ख न बनें तब तक परमार्थ में बुद्धिमान कहने में नहीं आता। ये है सरलपना।

**२. क्षमा:** कोई व्यक्ति किसी भी रीती से व्यवहार करे, उसकी अंश मात्र भी असर नहीं होनी चाहिये। इस जगत में समस्त द्रव्य स्वतंत्र हैं और स्वयं ही परिणमन करते हैं। एक द्रव्य दूसरे द्रव्य का कुछ भी नहीं कर सकता अर्थात् दूसरे कोई कुछ भी करते हैं तो यह उनके कर्म के कारण हैं और दोष नहीं है। यदि ऐसा समझ में आये तो यह सच्चे अर्थ में क्षमा है। परंतु तुम्हारा दोष है, तुमको माफ करता हूँ यह अहम् भाव, मानभाव है, संसार की क्षमा है। परमार्थ की क्षमा में किसी भी प्रकार के दोष नजर में नहीं आते याने क्षमा देने का सवाल ही उत्पन्न नहीं होता।

**३. स्वयं के दोष देखना और दूसरों के गुण**

इस प्रकार की दृष्टि जब तक निर्मित नहीं होती तब तक मल याने पाप कर्मबंध अटकते नहीं हैं।

इसी प्रकार से अल्प आरंभ, अल्प परिग्रह आदि मल का उन्मूलन करने के साधन है। ऐसे गुणों की प्राप्ति हो तब जीव को सम्यक्ज्ञान या सम्यग्दर्शन की प्राप्ति संभव है अन्यथा किसी भी प्रकार से नहीं है।

मल याने गंदगी, मिलावट, मिश्र आत्मा के साथ ऐसा मिश्रण किस का? तो कर्म का। कर्म क्या है? इस भव में और पहले के भवों में किस किस प्रकार के अशुभ भाव दूसरों के लिये किये होंगे उसका विचार करें तब यह मल क्या है समझ में आयेगा। और मल टालने का उपाय इस आत्मा की शुद्धिकरण याने अज्ञान से ज्ञान प्रगट हो, अशुद्ध आत्मा शुद्ध हो जाय इत्यादि... विक्षेप क्या है? मन की अत्यंत ऐसी चंचलता वह विक्षेप है। मन के अंदर जितना द्वंद चलता है अथवा मन एक क्षण में कहाँ से कहाँ भागता रहे और मन नियंत्रण में नहीं रहता हो तो यह विक्षेप है।

> **मन की अत्यंत चंचलता, मन में चलते द्वंद, मन एक क्षण में कहाँ से कहाँ भागता रहे और नियंत्रण में नहीं रहता हो यह विक्षेप है।**

**ज्ञानी पुरुष की अत्यंत भक्ति विक्षेप मिटा ने का साधन है।**

ज्ञानी पुरुष की अत्यंत अत्यंत ऐसी भक्ति वह विक्षेप मिटाने का साधन है। ज्ञानी पुरुष के प्रति अबाध, बेइंतहा ऐसी भक्ति याने की प्रेम, श्रद्धा और अर्पणता प्रगट हो तो मन ज्ञानी पुरुष में, उनकी देह की चेष्टा में, उनके कहे हुए वचनों में याने की सत-श्रुत में रहता है। जब मन उनकी दैहिक चेष्टा और सत्- श्रृत की स्मृति में रहा करता हो तो मन कैसे भटकेगा? मन का विक्षेप, चंचलता वह अत्यंत ऐसी अद्भुत भक्ति द्वारा टल जाता है।

यह तीन दोष हर एक जीव में होते ही हैं और वे किस तरह दूर हों ऐसा ही बलवान लक्ष्य रखकर पुरुषार्थ होना चाहिये। चाहे मृत्यु आये तो स्वीकार कर लेना चाहिये परंतु यह छूटना नहीं चाहिये। ऐसी धीर गंभीरता आये तो ही यह मनुष्य भव सफल है और अगर यह सफल नहीं हुआ तो अनंतकाल में फिर से ऐसा योग मिल के न मिले उसकी कोई भी गेरंटी नहीं है। ◆

**ॐ शांतिः शांतिः शांतिः**

---

**नोंध** : पूज्यश्री के पत्रांक ४४९ के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

*सौजन्य : रीयांशी कमलेश टींबाडिया, मुंबई*

*SHRIMAD RAJCHANDRA VACHANAMRUT*

# Patrank 195

Mumbai, Posh, 1947

**Salutations to the satswaroop with an undifferntiated feeling and intense devotion.**

**Whoever is desirous of Path of liberation, ought to give up all alternatives and reflect again and again on this one important question:-**

**"Despite jeev undergoing the ages old cycle of birth and death, why is he still not free? And how can he be free?"**

**In this sentence alone, there is endless meaning; and unless one has pondered over it, pined for it with determination, one cannot have a glimpse of even the direction towards the Path; this has not happened in the past; and will not be so in future too. This is what We have learned. Therefore, you all ought to find that and then what is to be known? That is known.**

Param Krupaludev has written this letter in the month of Posh. Prior to that in Kartik Sud, HE had experienced Self Realization (Shuddh Samkit) and its impact has been so strong, hence, the very first words of the letter are, "Salutations to the Satswaroop with an Undifferentiated Feeling and Intense Devotion".

In HIS previous births, Param Krupaludev had intensely desired self realization and HE had come in contact with Tirthanker, Lord Mahavir, HIS Guru, yet in His presence self realization eluded Him. HE then made herculean efforts and after 2500 years realized HIS own Soul. Param Krulaudev reminisces this wonderful

experience which sends waves of bliss within and describes the nature of soul as being undifferentiated – i.e. without any sort of doubts, is Truth and is the same as experienced by the Lord Himself; intense devotion which We did not have so far and hence We bow to Thee. These words have come from deep within and give us a message that Self Realization is the only thing worth and ought to be achieved. Such a state of Self Realization which Param Krupaludev achieved after 2500 years is not possible within say 5-10 years by attending discourses etc. and. We ought to cultivate patience, have faith and put efforts in the right direction. Leaving aside all other alternatives, if there is a strong desire for Self Realization, then what kind of effort is required? To reflect upon the only one important question, "Despite jeev undergoing the ages old cycle of birth and death, why is he still not free? And how can he be free?"

Soul is ageless, it never dies and is indestructible. It is a substance which always exists and is never born. During our ages old cycle of birth and death, we have been born in human form in various faiths. If asked, which dharma is true, one will say, Buddhism or Vaishnavism or Islam depending upon his birth in a particular faith and allege other faiths to be untrue. What is to be understood is that despite following so many faiths during our journey, so far we are not liberated. We have not understood what soul, moksh (liberation) or karm are. We need not hold on to our own beliefs nor indulge in practices, penances etc. One who is desirous of self realization ought to reflect upon this one question. Reflect upon what all is done and not done by us so far.

**In this sentence alone, there is endless meaning; and unless one has pondered over it, pined for it with determination, one cannot have a glimpse of even the direction towards the path; this has not happened in the past; and will not be so in future too.**

**"Despite jeev undergoing the ages old cycle of birth and death, why is he still not free? And how can he be free?" One can keep on reflecting deeply on this and finally, from deep within, one could find soul. Due to inadequate punya, in this birth one may not have the capacity to think deeply. But we all know the soul to be ageless, so we can think, if not in this birth, then in the next birth, I will definitely be able to and will certainly think deeply.**

On this one sentence alone, one ought to pine for years and years. In this manner, a jeev's thoughts and feelings become

**Self Realization is the only thing worth and ought to be achieved. We should cultivate patience, have faith and put efforts in the right direction.**

Best Wishes : Smt. Padmaben Samdarya, Banglore

**Whenever A Gyani Purush says something which is opposite to our views or appear false, we need to ponder deeply on those utterances. This is the best method to find the Path.**

strong and form nikhachit karmas (karmas whose fruits Jeev has to bear in future). Unless is passionate about this, one will not get even a glimpse of the direction of the Path of liberation.

In 1965, when I was in Calcutta, we went to watch a movie. I told Pujya Mummyji that I will join you all after parking the car and that she should go inside with the kids. Just as I was about to leave the car, Param Krupaludev's vachans, 'Who am I? From whence have I come? What is my true nature?' struck me. I sat in the car and pondered over "Who am I?" for almost two and half hours. The movie was over. At that time, I didn't find the answer but I may have pined for it then and today, I can say I have the answer.

In another instance, I had a meeting in Delhi with New Bank of India on a Saturday morning at about 10.30 a.m. and reached Delhi on the previous night. Next day, after breakfast, I sat in the Hotel's reception as it was yet early for the meeting. There, while sitting, I started pondering over the vachans of Param Krupaludev, "As I go deeper and deeper with subtle thoughts, Your tatva sparks are enlightening my soul". On coming out of this state, I realized it was 2 p.m. and the meeting would have been over by this time. This could be called intense pining. There are such other instances where for hours together, I have pondered. Merely attempting to understand the meanings of the words is not "pining". I had a sincere longing and yearning to find the Path.

**This is what We have learned. Therefore, you all ought to find that and then what is to be known?**

During discourses, it is said that we are quite sane, understand and grasp whatever is true and good for us and reject whatever we think is untrue. Today our soul is still an agyani filled with falsities, i.e. not sane. So whatever we feel to be true and good is true to what extent? This is the biggest of follies. Therefore, whenever, a Gyani purush says something which is opposite to our views, we instantly reject it. If you have recognized someone as a true Gyani, you need to ponder deeply on those of His utterances which appear to be false. This is the best method to find the Path. Whatever we have done since ages has not helped us find the Path and it therefore makes sense to give up such flawed thinking. ◆

---

**Note:** This translation and edited version of Param Pujya Premacharyaji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan.

# અમદાવાદમાં મોતીડે મેહ વરસ્યો રે...



તા. ૧૩ એપ્રિલ, ૨૦૧૭ સાંજના ડોમેસ્ટીક એરપોર્ટ લોન્જમાં આનંદ ઉલ્લાસ ભર્યો મેળાવડો જામ્યો હતો. અમદાવાદ સેન્ટરના મુમુક્ષુ પરિવાર અનેરા આનંદ અને ઉલ્લાસભેર એકબીજાને ભેટી રહ્યા હતા. સાથે સાથે વ્હાલાના આગમનની અધીરાઈપૂર્વક રાહ જોવાઈ રહી હતી. ત્યાંજ પૂજ્યશ્રીની પધરામણીથી થતાં રોમ રોમ આનંદથી ઉલ્લસી રહ્યું. કોઠારી સાહેબે ભાવ વિભોર અવસ્થામાં પૂજ્યશ્રીને વંદન કરતાં, પૂજ્યશ્રી પણ આનંદથી તેમને ભેટી પડયા. બધા મુમુક્ષુ આનંદભેર વંદનથી પૂજ્યશ્રીને બહાર લઈને આવ્યા. અમદાવાદ પરિવારની સૌથી નાની સદસ્ય માહી (૪ વર્ષ) એ પૂજ્યશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. મુકેશભાઈ ચૌધરીની જેગુઆરમાં આગળ રોડ બુલેટ એસ્કોર્ટના બે જવાનોથી સજ્જ એવી સવારીમાં પૂજ્યશ્રી સહજતાથી બેસી આગળ વધ્યા જાણે શહેનશાહની સવારી હોય. ત્યાં ઉભેલા લોકો આશ્ચર્યચકિત થઇ ગયા.

બીજા દિવસે સવારે ૯.૦૦ વાગ્યે શાલીગ્રામ - ૨ ના કોમ્યુનિટી હોલની બહાર બન્ને બાજુ શીસ્તબદ્ધ ઉભા રહી મુમુક્ષુઓ તેમજ બહારથી આવેલા ટ્રસ્ટી સમુદાય અને આમંત્રીતો વચ્ચે પૂજ્યશ્રીનું યંગસ્ટર્સ ગ્રુપે તેમજ માહીએ મનમોહક નૃત્ય દ્વારા સ્વાગત કર્યું. મુમુક્ષુઓએ પૂજ્યશ્રી સમક્ષ આ પ્રમાણે ભાવ અર્પણ કરતાં કહ્યું,

“ટવીંકલ ટવીંકલ લીટલ સ્ટાર,
માય સદ્‌ગુરુ ઈજ આ સુપર સ્ટાર.

રિશ્તા ગુરુસે કુછ એસા નિભા દો;

જીતના સમય મીલે સેવા સુમીરન મે લગાદો;

ઈતના અસર છોડ દો દુનિયા પે કી હર કોઈ કહે,

અપને ગુરુસે મીલા દો.

પ્રભુ દર્શન કરવા ભણી, દર્પણ પુજા વિશાળ; આત્મ દર્પણથી જે જુએ, દર્શન હો તત્કાળ.

યહ જીવન આપકો સમર્પિત હૈ.”

ત્યારબાદ આશીર્વચન આપતા પૂજ્યશ્રીએ કહ્યું કે, “તમે સૌ વચન આપો કે આશીર્વચનને સફળ કરશો.

સૌજન્ય : જોશી લેન સત્સંગ ગ્રુપ, મુંબઈ

આશીર્વચન આપવું તોજ શક્ય બને જો તે સફળ થાય.'' મુમુક્ષુઓએ અત્યંત ભાવથી આશીર્વચનને સફળ કરવાનું વચન આપ્યું. નિમીત અને ઉપાદાન વિશે જણાવતા પૂજ્યશ્રીએ કહ્યું કે, ''માટીની અંદર રહેલો ઘડો કે રમકડા બનવાની શક્તિ તે ઉપાદાન છે અને તે ઘડો કે રમકડા બનાવવા જે જે વસ્તુ જોઈએ પાણી, ચાકડો, કુંભાર તે નિમિત્ત છે. માટીની જગ્યાએ રેતી હોય તો ગમે તેટલા નિમિત્તો આવે કે બદલાય, ઘડો બની શકે નહીં. જીવની પોતાની અંદર સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગૃત ન થયો હોય તો ગમે તેટલા નિમિત્તો મળે તે વ્યર્થ જાય. જે બધા અહીં બેઠા છે તેમણે ઉપાદાન તૈયાર કરી સાચા જ્ઞાન-દર્શન ચારિત્રને પામવાના છે. તોજ ક્ષાયીક સમકિતની પ્રાપ્તિ સુધી પહોંચી શકાશે અને આશીર્વચન સફળ થઈ શકશે.'' પ્રશ્નોત્તરીમાં પૂજ્યશ્રીએ ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો વિગતવાર અભ્યાસ કરવા માટે જણાવ્યું જેમાં ૧૨ ભાવના, ૧૪ ગુણસ્થાનક, નવ તત્ત્વ, છ દ્રવ્યનો ઉંડાણથી અભ્યાસ કરવો તેમજ પરમકૃપાળુ દેવના જીવન ચરિત્રના અભ્યાસ માટે તેમના પુસ્તકોનો અભ્યાસ કરવો. ''દરેક મુમુક્ષુએ પોતાના ઘરના વડિલોને પૂર્ણ પ્રેમ અને આદરભાવ સાથે હૃદયથી વંદન કરવા. વ્યક્તિને જેમ ગમે છે તેમ કરવું તેમજ હૃદયને પ્રેમથી છલકાવી પ્રેમભાવના ભાવવી.'' પૂજ્યશ્રીના આ પ્રેમમય બોધથી અમદાવાદ જાણે પ્રેમમય બન્યું.

૧૫મી એ સવારના ૯ વાગે પ્રતિષ્ઠા મહોત્સવના વેન્યુ ઉપર આનંદ અને ઉલ્લાસથી છલકાતા હૈયે અને મલકાતા ચહેરે મુમુક્ષુઓ દ્વારા પૂજનની તૈયારી થતાં આ પવિત્ર પ્રસંગ માટે મીરાબહેનો દ્વારા સ્વસ્તિકની રચના થઈ હતી. કષાયોને પવિત્ર અગ્નિની સાક્ષીએ હવનકુંડમાં હોમી પવિત્ર અગ્નિની સાક્ષીએ મંગળફેરાની તૈયારી થઈ રહી હતી. શરૂઆત શ્રી મહેન્દ્રભાઈના ભક્તિના પદથી થઈ. પૂજ્યશ્રીના આગમનથી ભક્તિભાવમાં વધારો થયો. પાંચ પ્રતિષ્ઠાના લાભાર્થીઓએ ભાવપૂર્વક પૂજન વિધી કરી. વાતાવરણ પવિત્ર બની ગયું. સર્વ મુમુક્ષુ તેમજ આમંત્રિતોએ ભક્તિભાવથી હવન કુંડની પવિત્ર અગ્નિમાં કષાયો અને સંસારની મલીન વિષયવાસનાઓને હોમી.

અનંત જન્મોથી થતી જ્ઞાની ભગવંતો પ્રત્યેની અવહેલના, અવિનય, અવિવેક, શંકા - કુશંકાઓ સંકલ્પ - વિકલ્પોની હૃદયના ઉંડાણથી સાચાભાવ સાથે ક્ષમાપના માંગવામાં આવી. ત્યારબાદ મંગળીયા પ્રભુસંગ વચનબદ્ધ થયા; ત્રણ વચનો દ્વારા મુમુક્ષુઓ અને ચાર વચનો દ્વારા પૂજ્યશ્રી મુમુક્ષુઓ સાથે વચન બદ્ધ થયા. પ્રભુ સાથે મંગળફેરા ફરતા અનંત પરિભ્રમણના ફેરા કપાશે તેવી દ્રઢ શ્રદ્ધા છલકાઈ. પૂજન વિધિ પૂર્ણ થતાં પૂજ્યશ્રીએ લાભાર્થી પરિવારોને જણાવ્યું કે, ''કૃપાળુદેવની સ્થાપના ઘર કે મંદિરમાં થઈ રહી છે. માટે સવારે કે ૨૪ દિવસમાંથી થોડો સમય તેમની સામે બેસી બેચાર માળા કરી લો, પછીનો સમય તેમને અશાતના ન લાગે માટે મંદિરના દ્વાર બંધ કરી દો તેવું ન કરશો. તેમને હૃદયમાં સ્થાપી ૨૪ કલાક સાથે રાખશો અને સંસારની દરેક ક્રિયામાં પ્રભુ સાથે તેવું સમજજો.'' ત્યારબાદ ચાર ઘરે પ્રભુની તેમજ પરમ કૃપાળુદેવની પધરામણી આનંદ અને ઉલ્લાસ સહ કરવામાં આવી.

બીજે દિવસે પરમ જ્ઞાન સભામાં સત્સંગ વચનોનો બોધ આપતાં પૂજ્યશ્રીએ જીવની અનાદિકાળની ભૂલો પર પ્રકાશ પાડતાં કહ્યું કે સૌ પ્રથમ ધર્મ એટલે શું એ વિશે જ જીવને ભ્રાંતિ છે. કોઈપણ પદાર્થ પોતાના મૂળભૂત સ્વભાવમાં રહે એ, એ પદાર્થનો ધર્મ કહેવાય. આપણો ધર્મ આત્મધર્મ સિવાય બીજો ન હોવો જોઈએ અને રાગ-દ્વેષથી રહિત થવું એ આત્માનો ધર્મ છે. તેથી સર્વ પ્રથમ 'હું આત્મા છું' એ લક્ષે સમકિતની પ્રાપ્તિનો પુરુષાર્થ થવો જોઈએ. એના માટે આત્મ પ્રાપ્ત સત્પુરુષ પ્રત્યે અનન્ય પ્રેમ થવો જોઈએ. એમના પ્રત્યે તન-મન-ધનથી સર્વસ્વ અર્પણ થાય તો કલ્યાણનું કારણ થાય.

એ દિવસે સાંજના અમદાવાદ સેન્ટરના મુમુક્ષુઓ દ્વારા કલ્ચરલ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો તે સહુએ ઉલ્લાસપૂર્વક માણ્યો.

અને પછી આવી પૂજ્યશ્રીની વિદાયની ઘડી. તેઓ ફરીવાર જલ્દી પધારે એવા ભાવ સાથે સર્વેએ પૂજ્યશ્રીને વળાવ્યા.◆

# પરમાર્થ સખા પૂજ્ય નિલેશભાઈ મહેતા અને સંતશ્રી ગુરુદેવ રાકેશભાઈ



પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના ૧૫૦માં જન્મ જયંતિ વર્ષના ઉપલક્ષે શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર, પરલીના કોલકાતા સેન્ટર દ્વારા સેન્ટરના મંદિર મધે તા. ૨૫-૦૩-૨૦૧૭ના શનિવાર સવારે ૧૦ કલાકે ''સંતોનું સન્માન'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું તે ઉપક્રમે મુમુક્ષુઓના પરમાર્થ સખા પૂજ્ય નિલેશભાઈ મહેતા અને શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ધરમપુરના સંસ્થાપક પૂજ્યશ્રી ગુરુદેવ રાકેશભાઈ દ્વારા શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતજીના અમૃત પત્રો ઉપર સત્સંગનો લાભ સર્વે મુમુક્ષુઓને પ્રાપ્ત થયો હતો.

સવારના ૯.૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા દ્વારા બન્ને સંતોનું મંદિરનાં પ્રાંગણમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. શ્રી નિલેશભાઈ ગાંધીએ સર્વે મુમુક્ષુઓ વતી બન્ને સંતોને સત્સંગનો લાભ આપવા વિનંતી કરી હતી.

પૂજ્યશ્રી ગુરુદેવ શ્રી રાકેશભાઈએ પોતાની મનોરંજનાત્મક શૈલીમાં




લોકોને વ્યવહારિક જીવનના જુદા જુદા દ્રષ્ટાંતોના માધ્યમે પત્રાંક ૮૪૩ 'વીતરાગ પ્રભુનો ધર્મ'માં એ મુદ્દાને અનુલક્ષીને 'દુઃખ અને કષ્ટ' શબ્દોમાં રહેલો ભેદ સમજાવ્યો. 'ધર્મ એટલે જીવન જીવવાની કળા' એ સંબંધમાં દ્રષ્ટાંત આપતાં કહ્યું કે, આપણે પગમાં પાયલ નહીં પણ પથરાં પહેરીને મોક્ષમાર્ગમાં દોડવાનો પ્રયત્ન કરીએ છીએ. જેમ રસ વગરના રસગુલ્લા (માત્ર ગુલ્લા!) અનેક કષ્ટે ખાઈએ તેમ આપણે ધર્મ કરી રહ્યા છીએ. પરિગ્રહનો અર્થ સમજાવતાં કહ્યું કે, પરિગ્રહ એટલે પૂર્વોક્ત માન્યતાઓનો સંગ્રહ, વિગેરે.

પૂજ્ય નિલેશભાઈ મહેતાએ ભક્તિમાર્ગે સાધના કરી રહેલા મોક્ષમાર્ગના આરાધક જીવની ક્રમસર જિજ્ઞાસા અને પુરુષાર્થની રીતને પત્રાંક ૧૨૮નાં માધ્યમે સત્સંગનું રસપાન કરાવ્યું જેમાં તેમણે સહજ ક્રિયા અને કેવળજ્ઞાનનો અર્થ જણાવતા કહ્યું, 'આત્માર્થી જીવથી કોઈપણ વિચાર કે પ્લાનિંગ વગર જે કંઈ થઈ જાય તે સહજ ક્રિયા, કેવળ જ્ઞાન એટલે ઓન્લી જ્ઞાન, માત્ર જોવું - જાણવું.' મોક્ષમાર્ગની પ્રગતિ માટે સૌ પ્રથમ જિનભક્તિના ક્રમમાં આવી અને મુખ્ય લક્ષ 'સ્થિર સ્વભાવવૃત્તિ' પ્રાપ્ત કરવા સુધીના સર્વોચ્ચ પદને પોતાની ગંભીર તથા તાત્ત્વીક શૈલીમાં અત્યંત સુંદર રીતે રજુ કર્યા. સત્સંગ અને સત્પુરુષના મહાત્મ્ય ઉપર વિશેષ પ્રકાશ પાડતા કહ્યું, 'સત્સંગ વડે સંતની પ્રાપ્તિ થાય છે, જેનાથી અંતરશૈલી પ્રગટ થાય છે.'

તે જ વિષયના અનુસંધાનમાં પૂજ્ય નિલેશભાઈએ રવિવાર, તા. ૨૬-૦૩-૨૦૧૭ના સવારના પત્રાંક ૪૬૭ના માધ્યમે મોક્ષમાર્ગના આરાધક મુમુક્ષુનો એક માત્ર આધાર એવા જ્ઞાનીપુરુષનું આશ્ચર્ય પમાડે તેવું વર્તન જોઈને તેમના વિશે અંતરમાં શંકાઓ થયા કરે છે, તેમાં જીવનો દોષ ક્યાં રહેલો છે તે મુદ્દા પર સરળ

અને અનુભવાત્મક શૈલીમાં તત્વચર્ચા કરી.

જ્ઞાની પુરુષની ઓળખાણ ન થવામાં જીવનો મુખ્ય દોષ તે 'જીવનો જ્ઞાની પુરુષ પ્રત્યેનો અધૂરો નિશ્ચય છે' તે સમજાવતા કહ્યું, 'જીવ કર્મદ્રષ્ટિએ (દેહદ્રષ્ટિએ) જ્ઞાની પુરુષને જુએ છે, તત્વદ્રષ્ટિએ (આત્મદ્રષ્ટિએ) નહીં અને આ જ તેની જ્ઞાની પુરુષના વર્તન પ્રત્યેની શંકાનું મુખ્ય કારણ છે. પણ જીવ જ્યાં તત્વદ્રષ્ટિએ પોતાની શંકાનું સમાધાન પોતાના સકારાત્મક અને હકારાત્મક વિચારો વડે કરે છે ત્યાં તે જ્ઞાની પુરુષ પ્રત્યે તેને અનન્ય એવો પ્રેમ ઊગે છે અને શ્રદ્ધા વિશેષ બળવાન થાય છે!'

કંઈક અટપટી દશાએ વર્તતા જ્ઞાની પુરુષ અટપટા વર્તન દ્વારા આપણી વિચારધારાને ઉત્પન્ન કરવાનું બીજ રોપે છે. મુમુક્ષુ જીવને 'ખોટાની પ્રેક્ટીસ' સાચી રીતે સાચા ઉપર કરાવે છે. જ્ઞાની પુરુષને ઓળખવાનો સરળ ઉપાય જણાવતા કહ્યું, 'અનાદિકાળથી જે રાગની આપણને આદત છે તેવો જો પ્રશસ્ત રાગ જ્ઞાની પુરુષ પ્રત્યે થાય તો તેમની કોઈપણ પ્રકારની વર્તના પ્રત્યે આપણને શંકા થતી નથી! તેમને જ્યારે આપણે પ્રશસ્ત રાગ કરીએ છીએ ત્યારે તેઓ આપણને પ્રેમ પીરસે છે અને તે પ્રેમના અનુભવથી આપણો રાગ, પ્રેમમાં પરિવર્તીત થાય છે. ત્યાં કોઈ અપેક્ષાને સ્થાન નથી હોતું અને તે છે પ્રેમમય અવસ્થા!' જ્ઞાની પુરુષ પ્રત્યે આવી પ્રેમમય અવસ્થાના પાત્ર થવા માટે જે પુરુષાર્થ કરવા યોગ્ય છે તે સંબંધી તેમણે કહ્યું, '(૧) તેઓ ૧૦૦ ટકા સાચા જ છે, એમ માનવું (૨) તેમના પ્રત્યેના શુભભાવ વડે પોતાની ભૂલ સમજવાનો પ્રયત્ન કરવો.'

પૂજ્યશ્રી પ્રેમઆચાર્યજી (પ.પૂ. પપ્પાજી)ના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી વિવિધ પ્રકારની માનવસેવા અંતર્ગત રાજનગર, પરલી ખાતે આજુબાજુના ગામડાઓમાં રહેતાં બાળકોને નિઃશુલ્ક શિક્ષણ મળી રહે તે માટે 'શ્રી રાજ એજ્યુકેશનલ સેન્ટર'ની અદ્યતન શાળાના પ્રોજેક્ટ 'સ્પોનસર એ ચાઈલ્ડ' અંતર્ગત સેવા આપી રહેલાં કોલકાતા સેન્ટરના ગવર્નિંગ બોડીના સદસ્ય શ્રી દિલિપભાઈ દોશી તથા શ્રી નિતિનભાઈ અજમેરાનું બહુમાન કરી સંસ્થા તરફથી મોમેન્ટોની ભેંટ આપવામાં આવી. પૂજ્ય નિલેશભાઈ મહેતાએ આગામી વર્ષોમાં તે જ જગ્યાએ એક યુનિવર્સિટી ઊભી કરવાની ઘોષણા કરી. ◆



સૌજન્ય : સ્વાતી પરાગ કામદાર, મુંબઈ

Dharitri -Odisha

## ଧର୍ମ ହେଉଛି ବଞ୍ଚିବାର କୌଶଳ



Ahmedabad

## Special programme organised on birth anniversary of Rajchandraji



Prabhat Khabar

सत्संग • 25 को कोलकाता में आयोजित हुआ संतो का सन्मान कार्यक्रम

# धर्म यानी जीवन जीने की कला



कोलकाता. परम कृपालु देव श्रीमद राजचंद्रजी की 150वीं जन्म जयंती वर्ष उपलक्ष्य में ए श्रीमद राजचंद्र आत्म तत्व रिसर्च सेंटर, राजनगर पल्ली की कोलकाता शाखा द्वारा 25 मार्च को प्रातः 10 बजे से संतों का सन्मान कार्यक्रम का आयोजन किया गया. इस दौरान मुमुक्षुओं के परमार्थ सखा पूज्यश्री निलेष भाई मेहता और राजचंद्र मिशन धरमपुर के संस्थापक संत श्री गुरुदेव राकेश भाई द्वारा श्रीमदजी के अमृत वचनों के संग्रह श्री वचनामृतजी के कुछ पत्रो पर सत्संग का सभी मुमुक्षुओं को लाभ प्राप्त हुआ था. इस कार्यक्रम का आयोजन श्यामनंदा रोड भवानीपुर कोलकाता स्थित मंदिर प्रांगण में किया गया. कोलकाता सेंटर के इस मंदिर प्रांगण में दोनों संस्थाओं के मुमुक्षु प्रातः नौ बजे से एकत्रित होने लगे. 9.30 बजे एक भव्य शोभायात्रा प्रारंभ हुई. दोनों संत पुरुषों का ससम्मान हर्षोल्लास के साथ प्रातः 10 बजे मंदिर प्रांगण में प्रवेश हुआ था. संस्था की कोलकाता सेंटर के प्रमुख श्री निलेश भाई गांधी ने दोनों महापुरुषों को ये सभी मुमुक्षुओं की ओर से सत्संग का लाभ देने की विनती की थी. श्री गुरुदेव राकेश भाई ने अपनी मनोरंजनात्मक शैली में व्यावहारिक जीवन के अलग-अलग दृष्टांतों के माध्यम से वीतराग प्रभु का धर्म विषय को अनुलक्षित करते हुए 'दुःख और कष्ट' शब्द में रहे भेद को समझाया. बहुत बार तपस्या करनेवाले पर किस तरह भूख लगी तो जाने से मन पर क्रोध का आक्रमण हो जाता है. इसे समझाते हुए कहा 'तपसी हुआ तापसी'. धर्म यानी जीवन जीने की कला इस पर दृष्टांत देते हुए कहा कि हम पैरों में पायल नहीं, बल्कि पत्थर बांध कर मोक्ष मार्ग में दौड़ने का प्रयत्न करते हैं. जैसे बिना रस का रसगुल्ला. रस चला जाये तो सिर्फ गुल्ला रह जाता है. बिना मन के खाया जाता है, वैसे ही लोग धर्म कर रहे हैं. फिर वीतराग की मूर्ति पूजा तथा उनके सिद्धांतों की उपयोगिता पर भूतपूर्व वैज्ञानिक न्यूटन का उदाहरण देते हुए कहा कि आप सिर्फ न्यूटन की मूर्ति बना कर उसकी पूजा करके लाभान्वित होंगे या उसके सिद्धांतों को जीवन में अपनाकर. पूज्यश्री निलेष भाई मेहता ने भक्ति मार्ग द्वारा मोक्ष मार्ग की आराधना कर रहे मोक्ष मार्ग के आराधक जीव को एक के बाद एक होनी, जिज्ञासा और पुरुषार्थ की रीत को श्रीमद राजचंद्रजी के वचनामृत के पत्रांक 128 के माध्यम से समझा कर सबको सत्संग का रसपान कराया.

Garvi Gujarat

## In the Footsteps of Enlightenment ~ ParamarthsakhaPujyashreeNileshbhai Mehta



## Birth anniv of Param Krupaludev Shrimad Rajchandraji celebrated



To celebrate the 150th birth anniversary of Param Krupaludev Shrimad Rajchandraji, the Shrimad Rajchandra Aatma Tatva Research Centre, Rajnagar, Parli conducted a special programme on March 25, called 'Santono Sanman'. As part of the event, mumukshus were led through a beautiful discourse about the meaning of Moksha-Marg, based on the letters in Shrimad Rajchandra Vachanamrutji by two spiritual stalwarts - Pujyashri Nileshbhai Mehta of SRATRC, and the founder of the Shrimad Rajchandra Mission Dharampur, Sant Shree Gurudev Rakeshbhaiji.

# પરમ પૂજ્ય મમ્મીજી

■ હેતલ દોશી, મુંબઈ

પૂ. પૂ. મમ્મીજીનું સમગ્ર જીવન પરમ કૃપાળુ દેવ, પરમ પૂજ્ય બાપુજી અને પરમ પૂજ્ય પ્રેમાચાર્યજી (પૂજ્ય પપ્પાજી)ને સંપૂર્ણપણે અર્પણ હતું. મમ્મીજી એટલે વ્હાલનો દરિયો, કરૂણાની મૂર્તિ, સંયમનો સાગર, પ્રેરણામૂર્તિ, બાલ સહજ નિર્દોષતાથી ભરપૂર અને મુમુક્ષુના પરમ સખા - કલ્યાણ મિત્ર. આ અને આવા અનેક ગુણોનો એમનામાં પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. આપણામાંથી જે લોકો એમના પરિચયમાં આવ્યા હશે એમને પણ મમ્મીજીના આ ગુણોનો અનુભવ થયો જ હશે.

**પૂજ્ય મમ્મીજી, મુમુક્ષુ જીવ અને પૂજ્ય પપ્પાજી વચ્ચે સેતૂ (બ્રીજ) સમાન હતા.** મુમુક્ષુને જે મુંઝવણ હોય એ પૂજ્ય પપ્પાજી પાસે કેવી રીતે વ્યક્ત કરવી એ માટે મમ્મીજી ગાઈડ કરતા અને પૂજ્ય પપ્પાજી પાસેથી જે માર્ગદર્શન કે આજ્ઞા મળી હોય એ કેવી રીતે આચરણમાં લાવવી એનું સચોટ માર્ગદર્શન આપતા.

હું જ્યારે માર્ગમાં આવી ત્યારે ઘરના બધા સત્સંગની વિરુદ્ધમાં હતા. સત્સંગમાં જવાની ના પાડે તો મને બેચેની થતી. મેં આ વાત પૂજ્ય મમ્મીજીને કરી, એમણે આ વાત પપ્પાજીને કરવા કહ્યું, ત્યારે પૂજ્ય પપ્પાજીએ મને ''ઘરમાં બધાને ખુશ કરવા'' કહ્યું. મારી પ્રકૃતિથી વિરુદ્ધની



આજ્ઞા પાળવા મમ્મીજીએ ખૂબજ સરળ રસ્તો બતાવ્યો - દાદી, મમ્મી, પપ્પા, ભાઈ-બહેન બધાની બધીજ ડીમાન્ડ પૂરી કરવી, બધાનો સમય સાચવી લેવો.

મમ્મીજીના માર્ગદર્શન પ્રમાણે ત્યારે બધાનો સમય સાચવી લીધો એનું ફળ એ આવ્યું કે આજે બધા મારો સમય સાચવી લે છે. આ સાથે જીવે કેવા ભાવ કરવા અને પૂજ્ય પપ્પાજી પાસે એ ભાવ ક્યારે અને કેવી રીતે વ્યક્ત કરવા એ મમ્મીજી સમજાવતા અને એમાં નડતા સંકોચને (કે પૂજ્ય પપ્પાજીને આવું કેમ કહેવાય) તોડાવતા.

**મુમુક્ષુના પ્રેરણામૂર્તિ મમ્મીજી**

પૂજ્ય બાપુજીએ ભક્તિ માર્ગના રહસ્યમાં લખ્યું છે કે એક જગ્યાએ અને એક નિશ્ચિત સમયે જો આરાધના

કરવામાં આવે તો જીવનો પરમાર્થે આત્મિક વિકાસ જલ્દી થઈ શકે છે. પૂજ્ય મમ્મીજીએ આ પોતાના જીવનમાં અપ્લાય કર્યું હતું અને એમને ૧૦૦ ટકા રીઝલ્ટ મળ્યું હતું. જે મુમુક્ષુ એમના પરિચયમાં આવતા એમને પણ એજ પ્રમાણે માર્ગદર્શન આપતા કે, ''જો આપણો નિત્યક્રમ કે સ્વાધ્યાય કરવાનો ચોક્કસ ટાઈમ હોય તો એ ટાઈમ થવા આવે એ પહેલા આત્મા ઓટોમેટીક એ ભાવમાં આવવા માંડે કે મારે નિત્યક્રમ કરવો છે, મારે સ્વાધ્યાય કરવા બેસવું છે અને સંસારભાવ મંદ થતાં જાય. નિયમિત એક જ જગ્યાએ બેસી નિત્યક્રમ, વાંચન કરીએ તો એ જગ્યા પણ પવિત્ર થતી જાય છે અને આરાધના કરતા વિભાવો ઓછા થતાં જાય અને સ્વરૂપ સન્મુખ થવાતું જવાય.''

**મુમુક્ષુના કલ્યાણ મિત્ર મમ્મીજી**

મમ્મીજી કહેતા થોડીક તકલીફ સહન કરીને પણ મુમુક્ષુને મદદરૂપ થવું.

એક વખત પર્યૂષણ પર્વ 'માઉન્ટ યૂનિક'માં ગોઠવ્યા હતા. મુલુંડ અને ઘાટકોપરથી સો જેટલા મુમુક્ષુ દરરોજ આવતા. એમની બપોરના જમવાની અને સાંજે ચોવિહારની વ્યવસ્થા મમ્મીજીએ ઘરે જ કરી હતી. બધા મુમુક્ષુને જ્ઞાનીની વાણીનો લાભ મળે અને બધા આત્મ આરાધના કરી શકે એવા એમના ભાવ હતા.

મુમુક્ષુ પ્રત્યે કંઈપણ સ્વાર્થ વગર કંઈક કરી છૂટવાની ભાવના એમનામાં હતી.

મમ્મીજી કહેતા એક જીવને માર્ગમાં સ્થિર કરો તો એનું કમિશન એટલે જીવનો પોતાનો આત્મિક વિકાસ તમને મોક્ષ સુધી મળ્યા કરશે.

એમનામાં એટલી બધી સરળતા હતી બાળક જેવી નિર્દોષતાથી વાત કરતાં. ક્યારેય એમનું વર્તન 'હું કંઈક છું' એવું જોવામાં નહોતું આવ્યું.

**મમ્મીજી એટલે પ્રેમાળ માતા**

જ્યારે હું મમ્મીજીના ખોળામાં માથુ મૂકી સૂતી હોઉં ત્યારે તેઓ એટલા પ્રેમથી, વ્હાલભર્યા હાથે મારા માથે ફેરવતા કે આખી દુનિયા ભૂલાઈ જતી અને એમ થતું આ ક્ષણ અહીંયા જ અટકી જાય.

પ્રેરણામૂર્તિ મમ્મીજી લીધેલા નિયમનું પાલન મક્કમતાથી કરતા.

મમ્મીજીએ નિશ્ચય કર્યો હતો કે સામાયિક લઈ નિયમિત આરાધના કરવી. સામાયિક રેગ્યુલર કરતા પણ શિબિર હોય તો નિત્યક્રમ, ભક્તિ, સત્સંગ વિગેરેમાં સામાયિક કરવાનો ટાઈમ ન મળ્યો હોય તો રાત્રે સૂતા પહેલા ભલે અગિયાર વાગી ગયા હોય તો પણ સામાયિક લઈ આરાધના કરતા. મમ્મીજી કહેતા એક વખત જે નિયમ-બાધા લીધી હોય તો દેહ છોડવો પડે તો છોડવો પણ બાધા ન છોડવી.

**મમ્મીજી - સંયમનો સાગર**

પૂજ્ય મમ્મીજી પોતે શું વ્રત તપ નિયમ લીધા છે એ કોઈને કહેતા નહીં. ક્યારેક કોઈને ખબર પડી જતી.

૧. જમવામાં પહેલા બે દ્રવ્ય પીરસવામાં આવે એજ લેવા બાકી બધાનો ત્યાગ.

૨. પરિગ્રહ વૃત્તિનો ત્યાગઃ મમ્મીજી પર્યુષણમાં એકજ જોડી કપડા ૮ દિવસ પહેરતા. સાવ સાદુ અને સંયમી જીવન જીવતા.

**કરૂણામૂર્તિ મમ્મીજી**

પૂજ્ય બાપુજીને અસ્થમા હતો તેથી વધારે લોકો એમને મળવા આવે તો એમને ઈન્ફેક્શન લાગે એ બાને ઓછુ ગમતું. મમ્મીજીને બાનો થોડો ડર લાગતો અને એ કારણે પૂજ્ય બાપુજીનો જોઈએ એટલો સમાગમ મમ્મીજીને નહોતો મળતો. મમ્મીજીએ મંત્રરૂપે ભાવ લખ્યા છે કે ''સર્વ જીવોને મારાથી અભયદાન પ્રાપ્ત થાઓ - કોઈ મારાથી ડરે નહીં.'' મુમુક્ષુઓ પૂજ્ય પપ્પાજીને મળવા આવતા ત્યારે જેને જેટલો સમાગમ એમનો જોઈતો હોય એ મળે. 'હું કોઈને અંતરાયરૂપ ન થાઉં' એવા એમના બળવાન ભાવના કારણે જ મમ્મીજીનો ક્યારેય કોઈને ડર નથી લાગ્યો. ઉલટાનું એમની હયાતીમાં મુમુક્ષુઓ પૂજ્ય પપ્પાજી સાથે વધારે કમ્ફર્ટેબલ ફીલ કરતા હતા.

જગતના જીવોના કલ્યાણ અર્થે પૂજ્ય મમ્મીજીનું જીવન કેવું હતુ એ અંશે જાણ્યું. હવે જોઈએ પૂર્વ કર્મની નિર્જરા અર્થે એમની જીવનશૈલી કેવી હતી?

એક આઉટસ્ટેશન શિબિરમાં મમ્મીજીને એકસરખી ઉધરસ આવતી. તેઓ જરાય બોલી ન શકે, સૂઈ ન શકે તો પણ તેઓ તો હર હાલમાં ખુશ રહેતા.

અમારા ઈનસીસ્ટ કર્યા પર દવા લીધી પણ ખાધી નહીં. જેવા દવા લઈને આવ્યા એમની ઉધરસ ઓછી થવા લાગી. અમને આશ્ચર્ય થયું કે આવું

કેવી રીતે બને ? ત્યારે મમ્મીજીએ કહ્યું, 'કેમિસ્ટનું જે ઋણ બાકી હતુ તે ચૂકતે થયું માટે હવે ઉધરસ મટી જશે.' આમ એમની દરેક પ્રવૃત્તિ માત્ર અને માત્ર પૂર્વ કર્મની નિર્જરા અર્થે થતી દેખાતી.

**મમ્મીજીના જ્ઞાનની નિર્મળતા**

અવારનવાર મમ્મીજી સાથે પર્સનલી અને ફોન પર સત્સંગ થતો. એક વખત હું કોઈ રીલેટીવ ને ત્યાં ગઈ હતી અને મારા ઘરે મમ્મીજીનો ફોન આવ્યો. મમ્મીજીએ ત્યાંના નંબર લઈ મને ફોન કર્યો અને લગભગ ૩૫-૪૦ મિનિટ મને સત્સંગ કરાવ્યો.

પછીથી મને સમજાયું કે મમ્મીજીના જ્ઞાનમાં આવી ગયુ હતું કે મારા કોઈ જબરદસ્ત કર્મનો ઉદય આવવાનો છે. જો મમ્મીજીએ મને સત્સંગ ન કરાવ્યો હોત તો હું અનંતા કર્મ બાંધી લેત.

જાણે એમને એમના દેહત્યાગના સમયની પહેલેથી ખબર પડી ગઈ હોય એમ અમે છેલ્લીવાર મળ્યા ત્યારે પરમાર્થે મારે શું અને કેમ પુરુષાર્થ કરવો એમ પૂજ્ય મમ્મીજી કહેતા હતા અને વાતવાતમાં કહ્યું કે ખબર નહીં ફરી આ દેહે મળાશે કે નહીં? મારી અને પૂજ્ય મમ્મીજીની આ દેહે એ છેલ્લી મુલાકાત હતી.

**પરમ આરાધક પૂજ્ય મમ્મીજી પાસેથી મળેલી પુરુષાર્થની પ્રેક્ટીકલ ટીપ્સ**

૧. મનને મારીને જબરદસ્તી પુરુષાર્થ ન કરવો પણ એને ફોસલાવી, મનાવી એની પાસે કામ કરાવવું.

જેમ કંઈક ખાવાનું મન થતું હોય ત્યારે મારે સંયમમાં રહેવું છે માટે નથી ખાવુ એ ભાવ હોય અને આપણે ન ખાઈએ પણ મનમાં વારંવાર એજ વસ્તુ ખાવાના વિચાર ચાલતા હોય, એના કરતા એક વખત એ વસ્તુ ખાઈ લેવી. પછી એનો વિચાર માત્ર ન કરવો અને ધર્મધ્યાનમાં મન વાળવું.

આવી સત્ધર્મની સમજણ આપી, પ્રેક્ટીસ કરાવી બાહ્યમાં જતી વૃત્તિઓ મંદ કરાવી.

૨. જેમ પરમ પૂજ્ય પપ્પાજી ઘણીવાર કહે છે ને કે થર્ડ પર્સનની વાતમાં ફોગટ વખત ન ગુમાવવો.

આ વચન મમ્મીજીએ આત્મસાત કર્યું હતું. તેઓ ક્યારેય થર્ડ પર્સનની વાત, નિંદા-કૂથલી કરતા નહીં પણ ક્યારેક મેં કોઈની વાત એમને કરી હોય કે મમ્મીજી આ જુઓ ને આમ કરે છે ને આ આવા છે ત્યારે તરત જ મમ્મીજી એને બીજા એન્ગલથી વિચારવાનું કહેતા કે જરા આ રીતે વિચારી જો તો એનો દોષ નહીં દેખાય અને ઝડપથી એમાંથી બહાર કઢાવતા.

૩. માળા લઈ મંત્ર આરાધન કરવાનું તો બધા કહે પણ મમ્મીજી કહેતા કે જે ગુણની પ્રાપ્તિ કે દોષની નિવૃત્તિ કરવી હોય એની પણ માળા કરી શકાય.

ભગવાન મને આપના જેવી શાંતતા, સ્થિરતા, મૌનતા આપો; ભગવાન મારા માન કષાયની ઓળખાણ કરાવી એની નિવૃત્તિ કરાવો...

૪. એક એક કલાકના ચોવિહાર કરવા.

૫. દરેક પ્રવૃત્તિમાં જ નિવૃત્તિના ભાવ કરવા, નહીં તો નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિના જ વિચાર આવશે.

૬. દર એક કલાકે એક-બે મિનિટ આંખ બંધ કરી ક્ષમાપના કરવી.

કયા ભાવ-વિભાવથી 'હું આત્મા છું' એ ભૂલાઈ ગયું એ કષાય - વિષયથી નિવૃત્તિની ક્ષમાપના માંગવી.

૭. પૂજ્ય પપ્પાજીએ આપણને જે પુરુષાર્થ આપ્યો છે એનું દ્રઢત્વ કરાવતા મમ્મીજી કહેતા, રાત્રે સૂતા પહેલા ૨૦ મિનિટ મંત્રસ્મરણ કરવું અને પ્રભુને વિનંતી કરવી, 'દેહ સૂઈ જાય છે, મને અખંડપણે આત્મભાવમાં રખાવજો.'

૮. પરમ કૃપાળુ દેવનું ચિત્રપટ સાથે લઈ સૂઈ શકાય; ભગવાન સાથે હોય તો મજાલ છે કે વિભાવો હાજર થાય ?

આવા છે ગુણ ગુણના ભંડાર મારા વહાલા મમ્મીજી. આજે પણ સ્મૃતિરૂપે, પ્રેરણારૂપ મારી સાથે જ છે.

**પ.પૂ. મમ્મીજીના અમૃત વચનો**

કર્મથી ભાગવાનું નથી, ભોગવીને છૂટવાનું છે.

હર હાલમેં ખુશ રહેના.

આ બાજુનું કરો, આ બાજુનું થઈ રહેશે.

પરની મારે શી પંચાત, હું શુદ્ધ આત્મા છું.

ગુણ ગ્રાહ્ય દ્રષ્ટિ કેળવો.

નિમિત્ત આપવું નહીં, નિમિત્ત બનવું નહીં.

નિરાગીને રાગ કરવાથી નિરાગી થવાય છે.

**પૂ. મમ્મીજીની પ્રાર્થના**

હે પ્રભુ! મારી પાસે જે વચન બોલાવો તે સત્ય હોજો.

મારી પાસે જે ભાવ કરાવો તે સત્ય હોજો અને મારી પાસે જે કાર્ય કરાવો તે સત્ય હોજો.◆

સૌજન્ય : શીલાબેન અમરીશ પરીખ, મુંબઈ



## પ્રશ્નોત્તરી

**Q ‘હું આત્મા છું’ એવું રટણ તો ચાલુ થઈ ગયું છે. જેમ પહેલા ‘નમો અરિહંતાણં’નું રટણ ચાલતું હતું, હવે ‘હું આત્મા છું’નું ચાલે છે પણ ફરક અનુભવાતો નથી. એવું લાગે છે કે અંદરના વિચાર ક્યાંક બીજી બાજુ ચાલે છે.**

પહેલા ‘નમો અરિહંતાણં’ આ મંત્રનું રટણ જ ચાલતું હતું. પોપટને તમે જે શિખડાવો તે તેવું જ બોલશે. એવી જ રીતે ખાલી શબ્દથી નવકાર મંત્ર કેટલાંયે ભવોથી આપણે બોલતા રહીએ પણ એનો અર્થ શું છે એ જો સાચી રીતે સમજમાં ન આવે તો કંઈ પણ ફળશ્રુતિ થઈ જ ન શકે. એવી જ રીતે કોઈ વ્યક્તિ આખી જિંદગી કે બે-ચાર જન્મો સુધી ‘હું આત્મા છું,’ ‘હું આત્મા છું’ રટણ કર્યા કરે તો તેમાં કોઈપણ ફરક પડી ન શકે. ‘હું આત્મા છું’ એમ રટણ કરીએ છીએ એનો અર્થ એ છે કે ‘હું કોણ છું ? આજે હું કેવો છું ? ભવિષ્યમાં કેવો થઈ શકું છું ? જો સિદ્ધ સમાન થઈ શકું છું તો સિદ્ધ સમાન થવા માટે કઈ રીતો અપનાવવી જોઈએ, કયા સાધનનો ઉપયોગ કરવો જોઈએ ?’

કેટલાય જન્મોથી સંસાર ભોગવી રહ્યા છીએ એટલે મોઢેથી કાંઈપણ બોલ્યા કરો તો હૃદયની અંદર સંસાર જ ભરેલો પડ્યો છે. એજ તો તમે રટશો બીજું શું ? માત્ર મોઢાથી બોલવાથી કોઈ મોટો ફરક નથી પડતો. પદાર્થને ઊંડાણથી સમજવાની જરૂર છે ત્યારે જ કાંઈ થઈ શકે. જેટલા ઊંડાણથી આત્મા વિશે સમજમાં આવે તેટલું સમજવાની કોશિષ કરો. આત્મા ભાવાત્મક પદાર્થ હોવાને લીધે તમારા ભાવની અંદર બદલાવ આવવો જ જોઈએ. ત્યારે આત્માની સમજણ આવી છે એમ કહીશું.

કરોડો જન્મોથી આપણે સંસારમાં જ રચ્યા પચ્યા રહ્યા છીએ. આજે અત્યારે ધર્મને વિશે, આત્માને વિશે તમે કંઈક વિચાર્યું હોય અને ‘હું આત્મા છું’ એટલું સમજણમાં પણ આવ્યું તો કરોડો જન્મોના જે સંસ્કાર છે તે આજે આ જન્મમાં, બે અથવા પાંચ વર્ષની અંદર બદલાય તે સંભવિત છે ? આ જન્મમાં એક ગુટખાની



આદત, ડ્રીંકની આદત પડેલી હોય એને પણ દૂર કરવી બહુ મુશ્કિલ છે, સમજણ હોવા છતાં કે તેથી કેન્સર થાય છે. સંસારની એક ખરાબ આદત જે જિંદગીભર નથી છૂટતી તો બે-પાંચ વર્ષે તમે આત્મા, આત્મા બોલો અને તમને બધું મળી જાય એ સંભવિત નથી. બહુજ ધીરજથી કામ કરવાનું છે.

ચોવીસ તીર્થંકરોને સમકિત અથવા આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગયા પછી સાતથી લઈ સત્યાવીસ ભવ સુધી સંસારમાં રહેવું પડ્યું, મુક્તિ કે મોક્ષ નહોતો મળ્યો. ભગવાન મહાવીરના ૨૭ જન્મ છે અને એક એક ભવ ૭૦ વર્ષનો ગણી લઈએ. તો ઘણા ઘણા વર્ષો નીકળી જાય. તેમની બરાબરીમાં આ જન્મની અંદર બે-પાંચ વર્ષનો પુરુષાર્થ કરીએ અને મળી જાય એ સંભાવિત નથી. એટલે બહુ ધીરજથી કામ કરવાનું છે.

મને આત્મા અવશ્ય મળશે આ કન્ફરમેશન આ જન્મમાં અમને, તમને, સર્વને મળી શકે છે. આપણો આત્મા આપણને કન્ફરમેશન આપે કે આગળ પાછળ તમે મોક્ષના અધિકારી છો, આ સંભવિત છે.

**Q ક્યારેક પરમાર્થના ભાવ તો ક્યારેક સંસારના ભાવ ચાલે પણ વચ્ચે ગેપમાં એ ભાવ ન હોય, શાંત હોઈએ, શૂન્ય હોઈએ ત્યારે કેવા કર્મબંધન થાય છે ?**

જો કોઈપણ ભાવ નથી તો કર્મની વર્ગણા આત્મા પર ચોંટી ન શકે. એટલે પહેલા જેટલા કર્મ હતા એમાંથી બે - પાંચ ટકા કર્મ ઓછા થઈ જાય છે અને આ રીતે જો શૂન્યતા ચાલ્યા કરે અને ક્યારેક એક મિનિટ, ક્યારે બે કે ત્રણ મિનિટ કોઈપણ ભાવ ન થવાથી નવા કર્મોનું બંધન થતું નથી અને જૂના જે છે તે ભાવ કેન્સલેશનમાં વહ્યા જાય છે. આ રીતે આત્માનો વિકાસ થાય છે. વિચાર પછી જ્યારે શૂન્ય થઈ જઈએ છીએ ત્યારે એના પહેલાં 'હું આત્મા છું' એનું દ્રઢત્વ થઈ ગયું હોવું જોઈએ. હું ભાવથી રહિત થાઉં તો મારું કલ્યાણ થાય આ સમજણ હોવી જરૂરી છે. એક કોઈ પાગલ માણસ છે એને ક્યારેક ક્યારેક કંઈ પણ વિચાર નથી થતા તો ત્યાં એ ધર્મમાં આગળ વધી શકે છે? ના, તો જ્યારે તમે શૂન્ય કહો છો એનાથી પહેલા જો તમારા આત્માનો પુરુષાર્થ થઈ ચૂક્યો છે તો ૧૦૦ ટકા આ કર્મની નિર્જરા છે એમ સમજો.◆

**સૌજન્ય : સરોજ પ્રદીપ મેપાની, મુંબઈ**

# ગૌતમ સ્વામી ગુણ વંદના

વીતરાગ શાસનદેવ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુની જન્મ જયંતિના મંગળકારી અવસરે, આ વર્ષે તા. ૦૯-૦૪-૨૦૧૭ના રોજ સાંજે શ્રીમદ્ રાજચંદ્ર આત્મ તત્વ રીસર્ચ સેન્ટર દ્વારા ગૌતમ સ્વામીના જીવન પ્રસંગો અને તેમના વિશિષ્ટ આત્મિક ગુણોની અનુમોદના કરતાં એક ભવ્ય, હૃદયસ્પર્શી પૂજન-અનુષ્ઠાન યોજવામાં આવ્યું હતું. શ્રી રૂપેશભાઈ વોરા અને તેમના સાથીઓએ સંગીતના સૂરે આ અનુષ્ઠાનનું અને સુંદરતાથી સંચાલન કરી, ખૂબજ ભાવપૂર્વક સર્વે મુમુક્ષુઓને ભક્તિના રંગમાં રંગી દિધા હતાં. પરમ ઉપકારી પૂજ્ય પ્રેમઆચાર્યજી અને પૂજ્ય નિલેશભાઈની હાજરીમાં થયેલ આ પૂજન - અનુષ્ઠાન દિવ્ય, અલૌકિક અને અદ્ભુત રહ્યું અને માનો સર્વે જાણે સાક્ષાત ચોથા આરામાં પહોંચી ગયા હોય.



૪ જ્ઞાનના ધણી - પંડિત ઈન્દ્રભૂતિ વેદજ્ઞાનમાં તે કાળ અને ક્ષેત્રમાં સૌથી પારંગત હતાં અને પોતાને સર્વજ્ઞ માનતાં. તેમના યજ્ઞોમાં દેવો પણ હાજરી આપતાં. ઈન્દ્રભૂતિના એક યજ્ઞમાં જ્યારે દેવોના વિમાનો યજ્ઞક્ષેત્રને પસાર કરી, સર્વજ્ઞ ભગવાન મહાવીરના સમવોસરણ તરફ ગયા ત્યારે ઈન્દ્રભૂતિનો અહમ્ ઘવાયો અને મહાવીર સ્વામીને મળવા ઉપડ્યા. રસ્તામાં વિચાર કરે છે કે જો મહાવીર ખરેખર સર્વજ્ઞ હોય તો મારા અંતરમાં ઊંડે ઊંડે વર્ષોથી રહેલી આત્માના અસ્તિત્વની શંકાનો જવાબ આપે. ભગવાન મહાવીર તેમને નામથી આવકાર આપે છે અને ઈન્દ્રભૂતિને આનંદાશ્ચર્ય થાય છે. બીજી જ પળે વિચારે છે કે મને કોણ ન ઓળખે? ભગવાન મહાવીર તેમને કહે છે, 'આત્મા છે' અને ઈન્દ્રભૂતિનો અહમ્ ઓગળી જઈ ત્યાં ને ત્યાંજ પ્રભુના ચરણોમાં પોતાને સમર્પિત કરી દે છે. જીવનભર ગૌતમ સ્વામી તરીકે તેમની ભક્તિમાં લીન રહે છે.

ગૌતમ સ્વામી પાસે અનેક લબ્ધિઓ હોવા છતાં, તેનો ઉપયોગ તેમણે કદી કર્યો ન હતો. વિનયભક્તિ અને બીજા અનેક ગુણોથી સુશોભિત એવા પ્રથમ ગણધર ગૌતમ જ એવા છે જેનું પૂજન આજે પણ થાય છે.

પૂજન બાદ પૂજ્યશ્રીએ સત્સંગમાં ઉપરના પ્રસંગો કહી જણાવ્યું હતું કે ગૌતમ સ્વામી વિષે જે વાંચેલું, સાંભળેલું, જાણેલું હોય તે એક વાત છે અને અનુભવ એ બીજી વસ્તુ છે. સત્યનો અનુભવ શુદ્ધાત્માથી જ્યારે થાય છે ત્યારે આશ્ચર્યકારક આનંદ થાય છે. ભગવાનના વચનો હૃદયને સ્પર્શવા જોઈએ. ગૌતમ સ્વામી જ્યારે ભગવાનને પ્રથમવાર મળે છે ત્યારે પ્રભુની સમતા, કરુણા, શાંત મુખારવિંદ, સૌમ્યતા વિગેરે જોઈ આનંદાશ્ચર્ય થઈ જાય છે.

પૂર્ણજ્ઞાનીનું વચન 'આત્મા છે' એ હૃદયમાં ઉતરી જાય છે. સાચા મુમુક્ષુએ આ બધું યાદ રાખી, વર્તનમાં લાવવું જોઈએ. ગૌતમ સ્વામી આત્માનું અસ્તિત્વ નક્કી નહોતાં કરી શકતા પણ ભગવાનના વચનો હૃદયમાં ઉતરી જાય છે. ક્યારે શું કરવું એ શાસ્ત્રમાંથી ન મળે. શિષ્યમાં વિનય જોઈએ. આવા ગુરુ ગૌતમ સ્વામીના આત્મિક ગુણો આપણે પણ પામીએ એજ પ્રાર્થના! ◆

# વાસુદેવની વાસ્તવિક વ્યથા

'કૃષ્ણભવન' પર પહોંચ્યા બાદ શ્યામસુંદર જ્યારે પોતાના શયનકક્ષમાં પધાર્યા ત્યારે દેવર્ષિ નારદ તો ક્યારનાયે આસનસ્થ થઈ ચૂક્યા હતા; સ્વામીના આરાધ્યદેવની સુવર્ણ પ્રતિમા સમક્ષ પ્રણિપાત કરીને દેવી રુક્મિણીજીએ તો અગર-ચંદન-ધૂપદીપ કરીને શયનકક્ષના વાતાવરણને પ્રફુલ્લિત, સુવાસિત કરી દીધું હતું.

પ્રસન્નચિત્તે શ્રીકૃષ્ણે સર્વપ્રથમ તો પોતાના આરાધ્યદેવની અભિવંદના કરી. પછી સેવિકા પાસેના સુવર્ણથાળમાંથી શીત દૂધનો એક કટોરો પોતાના સ્વહસ્તે પ્રભુએ ભક્ત નારદને આપ્યો. થાળમાંનું રત્નજડિત દુગ્ધપાત્ર પ્રભુના જમણા કરમાં પકડાવી અને થાળમાં વધેલો પોતાનો દૂધ-પ્યાલો સ્વયં ઉપાડી લઈને રુક્મિણીજીએ ઈશારાથી સેવિકાને ત્યાંથી વિદાય થઈ જવાની સૂચના આપી.

દુગ્ધપાન પતી ગયા બાદ શ્રીકૃષ્ણે કહ્યું, 'હે મુનિશ્રેષ્ઠ નારદ! આ પૃથ્વીલોકના માન-સમુદાયમાં પ્રવર્તેલો 'માયામોહ' પણ જાણવા જેવો હોય છે. અહીં પ્રત્યેક સંસારી માબાપના અંતરની એક જ મહેચ્છા હોય છે કે જ્યારે તેઓ કોઈ સામાજિક કે ધાર્મિક ક્રિયાકાંડની વિધિ કરતાં હોય ત્યારે તેમનાં સગાંવહાલા - મિત્રમંડળ સહિત તમામ સ્વજનો એ માંગલિક પ્રસંગે ઉપસ્થિત હોય. આ પુણ્યકાર્યમાં યથાશક્તિ યોગદાન આપે!'

આ ગતિવિધિથી પિતા વસુદેવ અને મા દેવકી પણ મુક્ત રહી શક્યાં નથી.



તેમની પણ આજ અંતરેચ્છા છે. યોગાનુયોગ તો જુઓ! મારી તમામ પત્નીઓ અત્યારે દ્વારિકામાં જ ઉપસ્થિત છે એટલું જ નહીં, પુત્ર પ્રદ્યુમ્ન અને માયાવતી તથા પૌત્ર અનિરુદ્ધ અને ઉષા પણ હમણાં અહીં જ છે. વળી, બલરામ અને રેવતીભાભી પણ તીર્થયાત્રા કરીને પાછાં આવી ગયાં છે. તેથી દ્વારિકાના આ વિશાળ રાજમહાલયમાં નિવાસ કરતાં અમારાં તમામ સ્વજનો આ શુભ પ્રસંગે રોહિણીમા, દેવકીમા અને વસુદેવજીની છત્રછાયા હેઠળ વિદ્યમાન છે. દૈવયોગે સુભદ્રા તો અત્રે મોજુદ છે જ અને ધનંજય પણ આજકાલમાં અહીં આવી પહોંચ્યા સમજો!

નારદજી સહર્ષ બોલી ઊઠ્યા: ''પાંડવશ્રેષ્ઠ અર્જુન શું અત્રે આવી રહ્યા છે? હું એમને મળવા માટે તો અત્રેથી સીધો હસ્તિનાપુર જવાનો હતો! પરંતુ પ્રભુ! મેં તો સાંભળ્યું કે પાંડવો અત્યારે, કુરુક્ષેત્રની એ રણભૂમિ પર, તમામ મૃતાત્માઓની શાંતિ માટે એક 'શાશ્વતશાંતિ-મહાયજ્ઞ'નું અપૂર્વ આયોજન કરી રહ્યા છે! આ સંજોગોમાં

સૌજન્ય : પારૂલ નીલેશ કાણકીયા, મુંબઈ

ધનુર્ધર અર્જુનનું આટલે દૂર અહીં સુધી આવવું..!''

નારદજીની શંકા નિર્મૂળ કરવા કૃષ્ણ બોલી ઊઠ્યા; ''દેવર્ષિ! તમે જે સાંભળ્યું છે તે સાચું જ છે. મહાભારતના મહાવિનાશકારી યુદ્ધથી પાંડવોનો વિજયનો આનંદ તો ક્યારનો યે શોકમાં પરિણમી ચૂક્યો છે. ગંગાપુત્ર ભીષ્મ જેવા પિતામહ, આચાર્ય દ્રોણ જેવા ગુરુવર અને કૌરવ-બાંધવો સહિત સેંકડો આત્મજનોનાં મૃત્યુ પોતાની નજર સમક્ષ થયેલાં જોઈને જાગેલો વિષાદ, હજી પાંડવોના હૃદય પરથી દૂર થયો નથી. અને તેથી, મૃતાત્માઓની શાશ્વત-શાંતિ માટે આ મહાયજ્ઞ યોજાઈ રહ્યો છે. વળી એ જ દિવસોમાં કુરુક્ષેત્રે યોજાનારા 'કુંભમેળા' નિમિત્તે યમુનાતટે 'પિતૃતર્પણવિધિ' કર્યા પશ્ચાત્ યુધિષ્ઠિરના વિષાદગ્રસ્ત શોકાતુર હૃદયને પણ જરૂર શાંતિ પ્રદાન થશે!

પરંતુ મુનિવર! એ મહાયજ્ઞ અને કુંભમેળા આડે તો હજી ઘણો સમય બાકી છે. વળી આ બન્ને ભવ્ય પ્રસંગો સાંગોપાંગ પરિપૂર્ણ થાય તે માટે, સર્વાંગસુંદર વ્યવસ્થાને લગતી કેટલીક મહત્વની સૂચનાઓ લઈને અત્રેથી મેં ઉદ્ધવને ક્યારનાયે પાંડવો પાસે મોકલી આપ્યા છે. તેથી ઉદ્ધવની સાથે યાદવકુળના જમાઈરાજ અર્જુન, કુંતાફોઈના ખાસ આગ્રહથી અમને સપરિવાર આ યજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપવા અત્રે આવી રહ્યા છે.

કુરુક્ષેત્રનું રણક્ષેત્ર હવે સાચા અર્થમાં 'ધર્મક્ષેત્ર' બની રહ્યું છે એ સમાચાર પ્રભુ પાસેથી સાંભળીને ભક્તિશિરોમણિ નારદ અત્યંત હર્ષવિભોર થઈ ઊઠયા. 'કુરુક્ષેત્રનો કુંભમેળો' આટલું સાંભળતા રુક્મિણીના સ્મૃતિપટ પર આજથી કેટલાંક વર્ષો પૂર્વેની એક યાદગાર ઘટના પુનઃ સજીવન થઈ કે જ્યારે, કોઈને પણ સાથે લીધા વિના દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ એકલા જ દારૂક સાથે રથમાં, કુરુક્ષેત્રના કુંભમેળામાં યમુનાસ્નાન કરવા માટે ચુપચાપ ઊપડી ગયા હતા ત્યાં તેમને અનેક વ્રજવાસીઓનો, વર્ષોના વિયોગ બાદ આકસ્મિક ભેટો થઈ ગયો હતો. ખાસ કરીને યશોદામાતા, નંદબાબા, પોતાનાં બાળસખા-સખી, ગોપગોપાંગનાઓ તથા વિરહિણી રાધાને મળીને આવ્યા બાદ તો શ્યામસુંદર સાચે જ ફરી પાછા ગિરિધર-ગોપાલ ન બની ગયા હોય એ રીતે કેવા ખુશખુશાલ દેખાતા હતા!

'કદાચ આ વખતના કુંભમેળામાં પણ કુરુક્ષેત્રે એ બધાં વ્રજવાસીઓ આવશે જ... યશોદામૈયા, નંદબાબા અને શ્યામની પ્રિય સખી રાધાને એકવાર નજરોનજર નિહાળવાની, આ બહાને જો તક મળતી હોય તો, પોતે જરૂર આ વખતે ત્યાં જશે જ પણ ક્યારે? કોની સાથે?' રુક્મિણીના મનમાં એકસામટા એટલા બધા પ્રશ્નો ઊઠ્વા માંડ્યા કે એમનાથી રહેવાયું નહીં અને પ્રભુ નારદજીને કંઈક કહી રહ્યા હતા તેમાં વચ્ચે અવિવેકથી રુક્મિણી ભગવાનને પૂછી બેઠાં:

'સ્વામી! આ કુંભમેળો વળી શું છે? અને એ કુરુક્ષેત્રમાં જ કેમ ભરાય છે? હું તો આ વિશે કંઈ જાણતી જ નથી!'

નારદજી સામે જોઈને સૃષ્ટિકર્તા વિશ્વેશ્વર મીઠું મલક્યા અને પછી પટરાણીની જિજ્ઞાસા સંતોષવા તથા એમને એમના મૂળ સ્વરૂપનું જરા ભાન કરાવવા પ્રભુ બોલ્યાઃ 'દેવી લક્ષ્મી! માનવદેહ ધારણ કરીને તમે તો બધું જ ભૂલી ગયાં લાગો છો. યાદ છે? દેવોએ દાનવોના સહયોગથી સમુદ્રમંથન કર્યું ત્યારે સર્વપ્રથમ તમે લક્ષ્મીરૂપે સમુદ્રમાંથી પ્રગટ થયાં અને તમારા સહિત જે અન્ય તેર રત્નો સમુદ્રમાંથી એક પછી એક પ્રાપ્ત થયાં... તમે, કૌસ્તુભમણિ, પારિજાતક, સુરા, ધન્વંતરી, ચંદ્રમા, કામદુર્ગા, ઐરાવત, રંભા, સપ્તમુખી અશ્વ, ઝેર, સારંગ, ધનુષ્ય અને પાંચજન્ય શંખ - આ તેરને તો અમે દેવોએ એક પછી એક વહેંચી લીધાં - વિષ્ણુરૂપે મેં તમને અંગીકાર કર્યાં, હળાહળ ઝેરનો મહાદેવજીએ સ્વીકાર કર્યો.'

'આ તો બધું તમે જાણો છો, પરંતુ છેલ્લે ચૌદમાં રત્ન તરીકે 'અમૃતકુંભ' નીકળ્યો ત્યારે અમર થવાની લાલસાથી દાનવો એ અમૃત ભરેલો ઘડો લઈને ભાગ્યા! દેવોની વિનંતિથી મારે 'મોહિનીસ્વરૂપ' ધારણ કરી દાનવો પાસે જવું પડ્યું અને તેમને છેતરીને હું એ અમૃતકુંભ ઉપાડી લાવ્યો. ત્યારે દેવદાનવો વચ્ચે ભયાનક યુદ્ધ થયું. બાર દિવસ સુધી દિનરાત ચાલેલી આ લડાઈ વેળા આ અમૃતનો કુંભ ભારતભૂમિ પર જ્યાં જ્યાં પડ્યો તે તે સ્થળ પાછળથી અત્યંત પવિત્ર ગણાયું. અને ત્યાં સૂર્ય, ચંદ્ર અને બૃહસ્પતિ એક રેખામાં આવે ત્યારે કુંભયોગ થયો ગણીને ખૂબ વિશાળ 'કુંભમેળો' યોજવાની પરંપરા સત્યયુગથી શરૂ થઈ, જે ત્રેતાયુગમાં પણ ચાલુ રહી અને આ દ્વાપરયુગમાં પણ જળવાઈ રહી છે. દેવી! હવે પછી

આવનારા ઘોર કળિયુગમાં તો આ 'કુંભમેળા'નું માહત્મ્ય અનેકગણું વધી જશે.'

'હવે તમારા બીજા પ્રશ્નનો ઉત્તર આપું તો, પેલો 'અમૃતકુંભ' જે જે સ્થળે પડ્યો તે સ્થળોમાં કુરુક્ષેત્ર, પ્રયાગ, હરદ્વાર, ઉજ્જૈન અને નાસિક-ત્ર્યંબકનો પણ સમાવેશ થતો હોવાથી આ તમામ સ્થળોએ, અમુક અમુક વર્ષોના અંતરે સૂર્ય, ચંદ્ર અને બૃહસ્પતિની રાશિરચના અનુસાર આ કુંભમેળો ભરાય છે. જેમાં આ વર્ષે સારાય આર્યાવર્તમાંથી માનવપ્રવાહ કુરુક્ષેત્ર ભણી વહી રહ્યો છે. આગામી માઘ માસની અમાવાસ્યાએ સૂર્યગ્રહણ થવાનું હોવાથી અને કુંભમેળો પણ ભરાવાનો હોવાથી, કુરુક્ષેત્રમાં વહેતી પવિત્ર યમુનાજીમાં 'ગ્રહણ-સ્નાન' કરવા માટે ખૂબ મોટી સંખ્યામાં જનસમુદાય ત્યાં ઊમટવાનો છે.'

રુક્મિણી ક્ષોભિત થઈ ગયાં. પ્રભુને આટલું બધું બોલવાનો ખોટો શ્રમ આપ્યો તે અપરાધ બદલ, ક્ષમા યાચી અને બોલ્યાં ; 'હવે કંઈ પૂછવું નથી. બધું યાદ આવી ગયું ! પણ એક વાત પૂછું ?'

'એક શું કામ ? જેટલી વાત પૂછવી હોય એટલી પૂછી નાંખોને ? મનમાં શું કામ રાખો છો ?'

રુક્મિણીએ ધીરેથી એમણે પૂછ્યું : 'આપણે આ કુંભમેળામાં યમુનાસ્નાન કરવા જવાનું છે ?'

'આપણે એટલે ?' શ્યામસુંદર ગંભીર થઈને બોલ્યાઃ 'મારી વાત કરતાં હો તો મારું કંઈ જ નક્કી નથી. અત્યારે જે પ્રકારે યાદવો વર્તી રહ્યા છે તે જોતાં મને લાગે છે કે હું દ્વારિકા છોડીને હવે ક્યાંય નહીં જઈ શકું !' પણ તમારે જો ત્યાં જવું હોય તો તમે ખુશીથી જઈ શકો છો. તાતશ્રી, માતશ્રી અને માતેશ્વરીશ્રી તો જવાના જ છે. તમને ખૂબજ મઝા આવશે. કદાચ તમારા પિતા વિદર્ભનરેશનો પરિવાર અને પ્રજાજનો પણ ત્યાં આવશે જ.'

રુક્મિણી ખિન્ન વદને બોલ્યાઃ 'આપના વિના હું એકલી તો જતી હોઈશ ? આપના વિના મને જરાયે આનંદ ન આવે અને અહીં આપને એકલા મૂકીને જતાં મારો જીવ પણ ન ચાલે.'

રુક્મિણીનો નિરાશાભાવ કળી ગયેલા પ્રભુ હવે ઉમંગમાં આવી ગયા અને હસીને બોલ્યાઃ 'તમે એકવાર નહોતું કહ્યું કે, મારે યશોદામાને અને નંદબાબાને નજરોનજર જોવાં છે, મળવું છે, ખૂબ વાતો કરવી છે.. તો જાવને ! કુરુક્ષેત્રના કુંભમેળામાં યમુનાસ્નાન કરવા એ લોકો તો આવશે જ.'

'રાધા આવશે ?' ક્યારનુંય જે હૈયે હતું તે હવે રુક્મિણીના હોઠે એકદમ આવી ગયું.

શ્રીકૃષ્ણે પટરાણીના આ પ્રશ્નનો જાણીજોઈને ઉત્તર ન આપ્યો. વાત બદલી નાખવાના આશયથી તેમણે જલપાન કરવાની અને મુખવાસની ઈચ્છા પ્રદર્શિત કરી. આજ બપોરના દ્વારિકામાં આવ્યા ત્યારથી માંડીને અત્યારની ઘડી સુધી, એક ક્ષણ માટે પણ જેમને ભગવાન સાથે એકાંતમાં જ્ઞાનગોષ્ઠિ કરવાની તક નહોતી મળી ને નારદમુનિએ પટરાણી વિદાય થયાં કે તરત જ થોડા સમય માટે મળેલ આ એકાંતનો લાભ લેવા ઝડપથી પૂછી નાખ્યું : 'પ્રભુ ! મહાદેવીના પ્રશ્નનો આપે જવાબ ન આપ્યો ! એમ કેમ ?'

શ્રીકૃષ્ણ પૂર્ણ ધીર-ગાંભીર્યથી બોલ્યાઃ 'શો જવાબ આપું દેવર્ષિ ? એમના મનમાં ક્યારનીયે આ વાત પૂછવાની તાલાવેલી હતી, પરંતુ તમે બેઠા હતા તેથી જીભ નહોતી ઊપડતી. મુનિવર ! મને ઘણીવાર એવો વિચાર આવે છે કે, સ્વર્ગના દેવદેવતાઓને પણ જે દેહ ધારણ કરીને આ ધરતી પર પુનઃપુનઃ અવતરવાનું મન થાય છે એ 'માનવદેહ'માં, 'સ્મૃતિ-વિસ્મૃતિ'ની એવી તે કેવી બ્રહ્મજાળ બ્રહ્માજીએ રચી છે કે એ ક્યારેક વરદાન પણ બની જાય છે ને ક્યારેક અભિશાપ પણ !...'

સામાન્ય નરનારી માટે તો જાણે સમજ્યા કે, 'ન યાદ રાખવા જેવું સતત યાદ રાખ્યા કરે અને ન ભૂલવા જેવું સાવ ભુલી જાય !' પરંતુ દેવી રુક્મિણી અને અન્ય સાતેય દેવીઓ કે જે આ 'કૃષ્ણાવતાર'માં મને સહાયરૂપ થવા ગોલોકમાંથી અને વિષ્ણુલોકમાંથી આ પૃથ્વી પર માનવ-સ્ત્રીદેહ ધારણ કરીને મારી સહધર્મચારિણી બનવા અવતરી છે, તે જ્યારે આ 'સ્મૃતિ-વિસ્મૃતિ'ની બ્રહ્મજાળમાં અટવાઈને મને પૂછે છે અને રોહિણીમાને પણ પૂછવા દોડી જાય છે કે, 'આ રાધા કોણ છે ?' શ્યામસુંદર સાથે એના એવા તે કેવા ગાઢ સંબંધો છે કે અમારા સ્વામી હજી પણ એને ભૂલી શકતા નથી ?' ત્યારે નારદજી ! મને એક બાજુ હસવું યે આવે છે ને બીજી બાજુ અત્યંત દુઃખ પણ થાય છે.'

ત્રિકાળદર્શી અને સર્વજ્ઞ નારદજી તો બધું જ જાણતા - સમજતા હતા અને તેથી પ્રભુના આ પ્રશ્નનો ઉત્તર, એમણે ધાર્યું હોત તો, 'કર્મના સિદ્ધાંત' અનુસાર

સુક્ષ્માતિસુક્ષ્મ વિશ્લેષણ કરીને આપી શક્યા હોત! પરંતુ પ્રભુએ જાણીજોઈને ઉપાડેલી ગૂઢ તત્વજ્ઞાનને સ્પર્શતી આ ચર્ચામાં નારદજી અત્યારે પડવા નહોતા માગતા; કેમકે એમના મનમાં તો આજ બપોરની 'લીલા'ની પશ્ચાત્ ભૂમિકામાં રહેલું પેલું 'સ્વપ્ન-રહસ્ય' જાણવાની જ તીવ્ર ઝંખના હતી. તેથી પ્રભુએ ઉપાડેલી ચર્ચાને ઈચ્છિત ગતિ આપવાના ઈરાદાથી મુનિવર વદ્યા:

'પ્રભુ! અવિવેક ગણાય તો માફ કરજો પણ આ અવસ્થાએ આપ પણ એવી એવી 'લીલાઓ' કરો છો કે સૌના મનમાં શંકા અને ગડમથલ ઊભી ન થતી હોય તો યે થાય! પછી એમાં કોઈનો સો વાંક?'

શ્યામસુંદર સસ્મિત બોલ્યા: 'નારદજી! અવસ્થા બાલ્ય હોય કે જરા, મને ક્યાં સ્પર્શે છે? અને તમે તો જાણો જ છો કે કોઈપણ હેતુ કે કારણ વિના આ કૃષ્ણવતારમાં મેં એકપણ 'લીલા' કરી છે ખરી?'

નારદજીએ સંમતિસૂચક મસ્તક નમાવ્યું એટલે શ્રી કૃષ્ણે ભાવાવેશમાં આગળ ચલાવ્યું: 'મુનિશ્રેષ્ઠ! કેવળ તમે જ નહીં, આ બધો સ્વજન-સમુદાય પણ સારી રીતે જાણે છે કે, ગોલોકેશ્વરી શ્રી રાધિકાજી મારા અંગભૂતા, મહાભાવરૂપા, સ્વરૂપભૂતા, આહ્‌લાદિની શક્તિ છે એટલું જ નહિ, મારી પરમ પરમેશ્વરી પ્રકૃતિ પણ એ જ છે છતાં આ લોકો શ્રી રાધાજી સાથેના મારા દિવ્ય, અલૌકિક અને આધ્યાત્મિક સંબંધોને, પોતપોતાના ભૂ ભૌતિક, મનવાચિત માપદંડથી માપીને, અમારા વિશે કેવી કેવી ભ્રમણાઓ સેવે છે તે જોઈને હું વ્યથિત થઈ જાઉં છું. બીજાં બધાં તો ઠીક, મારી અષ્ટ રાણીઓ પણ આમાંથી બાકત નથી રહી શકતી ત્યારે તો મારી મનોવેદના અનેકગણી વધી જાય છે. પછી તમે જ કહો! હું આવી 'લીલા' ન કરું તો બીજું શું કરું?'

નારદજીએ વિનમ્ર ભક્તિભાવથી પૂછી નાખ્યું: 'પ્રભુ! આપે એવી તે કેવી 'લીલા' ગઈકાલ રાત્રે કરી કે આજે આ બધાની આવી દશા થઈ ગઈ? દાસ પર અનુગ્રહ કરીને આપ એ વિશે કંઈક કહો તો મારી ઉત્કંઠાનું પણ શમન થાય.'

અંતર્યામી અવિનાશે સહેજ મલકાટ સાથે કહ્યું:

'મુનિશ્રેષ્ઠ! તમે પાછા આ 'માયા'માં ક્યાં લપટાયા? તમારી ઉત્કંઠાનું શમન તો મારે કરવું જ જોઈએ, પરંતુ જેમણે તમારામાં આ ઉત્કંઠા જગાડી છે તેમને આવવા દો. એમની હાજરીમાં જ કહું એટલે એમના આત્માને પણ શાંતિ થાય.' આ બધી પણ 'લીલા' જ છે એમ સમજો તો તમારી જિજ્ઞાસા શાંત થઈ જશે. પરંતુ! રુક્મિણી પાછાં ફરે એ પહેલાં મારે તમને એક ખાસ વાત કહેવાની છે, પછી કદાચ મોકો મળે યા ન મળે.'

પ્રભુની 'ખાસ વાત' સાંભળવા નારદજી પુનઃસ્વસ્થ થઈ ગયા. ત્યાં તો દ્વાર ભણી કોઈનો પગરવ થતાં શ્યામસુંદરે એ તરફ જોયું. થાળમાં જળપાત્ર લાવેલી સેવિકાને અંદર આવવાની પ્રભુએ ઈશારાથી અનુજ્ઞા આપી અને પોતે તથા નારદજીએ જલપાન કરી લીધું એટલે ખાલી કટોરા ઝટપટ થાળમાં મૂકીને દાસી વિદાય થઈ ગઈ.

હવે નારાયણે નારદજીને ધીમે અવાજે કહ્યું:

'દેવર્ષિ! હજી તો હું અને રાધા બન્ને આ ધરતી પર હયાત છીએ એટલું જ નહીં, અમારી વ્રજભૂમિની બધી લીલાઓ નજરોનજર નીરખનારી કેટલીયે વ્યક્તિઓ - રોહિણીમા, યશોદામૈયા, નંદબાબા, દાઉજી અનેક ગોપગોપીઓ વગેરે-આ ભૂખંડ પર જીવિત છે છતાં આ લોકોને અને બીજાં અનેકને અમારી વચ્ચેનો આ પવિત્ર ને દૈવી સંબંધ જો માનવસહજ લાગતો હોય અર્થાત્ એક માનવ પુરુષને, એક માનવ સ્ત્રી સાથે જે જાતનો સંબંધ હોય તેવો લાગતો હોય તો, હે મુનિવર! જ્યારે અમે અહીંથી ગોલોકમાં સિધાવી જઈશું ત્યાર પછી, આવી રહેલા કળિયુગમાં તો લોકો રાધા અને કૃષ્ણ વિશે કેવું કેવું જોડી કાઢશે અને અમારી વચ્ચેના સંબંધો અંગે તો કોણ જાણે કેવી કેવીયે કલ્પનાઓ ઊભી કરશે!' આ બધું વિચારું છું ત્યારે, મુનિરાજ! ઘડીભર તો મને આ ભૂખંડની સમસ્ત માનવજાત પ્રત્યે ઘૃણાની લાગણી જન્મે છે! પરંતુ બીજી જ ક્ષણે, મારો આક્રોશ ઠંડો પડી જાય છે - એ યાદ આવી જતાં કે મેં આ પૃથ્વી પર યુગે યુગે અવતરવાનો ગીતામાં કોલ દીધો છે! તેથી હે નારદજી! એક 'ખાસ વાત' અત્યારે મારે તમને ખૂબ ગંભીરતાથી કહેવી છે.' ◆

ક્રમશઃ

**નોંધ :** શ્રી ભોગીલાલ શાહ લિખીત પુસ્તક ''શ્રી રાધાવતાર'' માંથી આ પ્રકરણ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા સંકલિત કરવામાં આવ્યું છે.

# આગન્તુક

■ **ધીરુબહેન પટેલ**

(૬)

મોટરમાં જતાં જતાં આશુતોષે આ પગલાંની અનિવાર્યતા સમજાવી. વિનમ્ર ભાવે ઈશાન સાંભળતો રહ્યો. આશુતોષના મનમાં વળી પાછી પેલી ચણચણાટી થવા માંડી. આ કેમ ચિડાતો નથી. લડતો નથી, રિસાતો નથી? મારાથી છૂટા પડવામાં એને કંઈ દુઃખ જ નથી થતું? બહુ ઓછું આવવા માંડયું, પણ કંઈ બોલાય એવું હતું જ નહીં. પોતે જ નક્કી કર્યું હતું અને પોતે જ મૂકવા જતો હતો. એ તો માત્ર આવતો હતો. કહ્યું કરતો હતો.

અર્ણવનો ફ્લેટ સમુદ્રકિનારે હતો. એ મકાન 'ધ નેસ્ટ'ના સૌથી ઉપલા માળના બધા જ ફ્લેટ એક માલિકના કબજામાં હતા. મુંબઈના સૌથી શ્રીમંત માણસોમાં એની ગણના થતી હતી અને એની સાથે સાહેબજી સલામનોયે વહેવાર ન હોવા છતાં શાલ્મલી અને અર્ણવ એક જાતનું ગૌરવ અનુભવતાં હતાં કે અમે કે. માણેકલાલવાળા બિલ્ડીંગમાં રહીએ છીએ.

રંગરંગીન કાચ જડેલી ને નીચે ગાલીચા બિછાવેલી લિફ્ટમાં ઉપર ચડીને આશુતોષે અર્ણવના અગિયારમાં માળના ફ્લેટની ઘંટડી દબાવી ત્યારે દસબાર પોપટ એકસાથે બોલી ઊઠ્યા હોય એવો અવાજ આવ્યો. ઈશાન સહેજ વિસ્મય પામીને જોઈ રહ્યો.

એટલામાં બારણું ખૂલ્યું અને આશુતોષને જોઈને હસતો હસતો સામે લેવા આવેલો અર્ણવ ઈશાનને જોઈને થીજી ગયો. પછી જેમતેમ કરતાં બોલ્યો, 'ઓહો, આવ ઈશાન! અમે તને આજકાલમાં ડિનર પર બોલાવવાના જ હતા.'

ઈશાને મૂંઝાઈને આશુતોષ સામે જોયું. આશુતોષે કહ્યું, 'અર્ણવ! ચાલ આપણે પેલી વાત કરી લઈએ. અને શાલ્મલીને કહે ઈશાનને એનો રૂમ બતાવે. હી'ઝ હિયર ટુ સ્ટે'.

બન્ને ભાઈઓ અંદર ગયા. ઈશાન હતો ત્યાં જ ઊભો રહીને હોલની સજાવટ જોવા લાગ્યો. થોડીવારે શાલ્મલી આવી અને અણગમો છુપાવવાની કોઈ ચેષ્ટા કર્યા વગર બોલી, 'રીમાભાભી હંમેશા બધાને આમ વિધાઉટ વોર્નિંગ જ ધકેલી દે છે. તમારું તો લન્ચ પણ બાકી હશે, નહીં?'

ઈશાને નમ્રતાથી કહ્યું, 'બાકી તો છે, પણ મને એની ખાસ જરૂર નથી.'

'તો સારું, કારણ કે અર્ણવ તો ઓફિસમાં લન્ચ લે છે અને મારે આજે બહાર જવાનું છે.'

ઈશાન વિચારવા લાગ્યો, આ લોકોને હું આવ્યો તે જરા પણ રુચ્યું નથી, પણ શું થાય? આશુતોષભાઈની પણ લાચારી હતી. અત્યારે તો એ કહે એમ મારે કરવું જ પડે નહીંતર એમની મુસીબત વધી જાય.

'તમને ફ્રાન્સિસની રૂમમાં ફાવશે? તો ચાલો, સામાન લઈ લો!'

ઈશાન સામાન ઊંચકીને શાલ્મલીની પાછળ ચાલ્યો. રસોડાની પાછળ એક સાંકડા અને અંધારા ભાગમાં બે બારણાં પડતાં હતા. એમાનું એક ખોલીને શાલ્મલીએ કહ્યું 'અહીં સામાન મૂકો.'

બારણાની પાછળ કોઈનાં કપડાં લટકતા હતા. એક તરફ લોખંડનો સાંકડો પલંગ હતો. એની બાજુમાં લાકડાનું ખોખું હતું તેમાં ચિત્રવિચિત્ર વસ્તુઓ પડી હતી. શાલ્મલીએ બહુ સ્વાભાવિકતાથી કહ્યું, 'માળિયા પર એક ફોલ્ડીંગ કોટ છે. ફ્રાન્સિસ આવશે એટલે ઉતારી આપશે અને આ બાજુ બહાર ટોઈલેટ છે.'

હવે એ વાત તો નક્કી કે ફ્રાન્સિસ આ લોકોનો નોકર છે અને પોતાને એની સાથે એના રૂમમાં રહેવાનું છે. મન એક આંચકો ખાઈ ગયું. આખી ઓરડીમાં એક જાતની બંધિયારપણાની અને વગર ધોયેલા પરસેવાવાળાં કપડાંની ભારેખમ વાસ આવતી હતી. વળી એમાં એક અજાણી દૂર્ગંધ પણ ભળેલી હતી. કદાચ એ શરાબની હશે. આવામાં રહેવાનું? આવી રીતે રહેવાનું? ઈશાન કંપી ઊઠ્યો.

પછી વિચાર આવ્યો ઘર છોડવાનું કોઈએ કહ્યું નહોતું. પોતાની મેળે છોડ્યું હતું. આશ્રમ પણ પોતાની મેળે જ છોડ્યો હતો. તો હવે જે કંઈ બને એમાં કોઈનો વાંક ન જોવાય. આ લોકો ભલા છે તે

સૌજન્ય : વર્ષા ઈશ્વરલાલ કોઠારી, મુંબઈ

નોકરની ઓરડીમાં પણ રહેવા દે છે. નહીંતર પોતાનો હક શો છે એમના ઉપર કે આ ઘર ઉપર ?

આ બધી અસ્વચ્છતામાં એકે ખૂણો એવો ન દેખાયો કે જ્યાં નચિંત જીવે પુસ્તકો મૂકી શકાય. પણ હા, ખીંટી હતી. એક પછી એક બન્ને થેલા એક ખીંટી પર ભેરવી દઈને ઈશાન હળવે હાથે ને હળવે હૈયે બહાર ચાલ્યો.

બેઠકના ખંડમાં અર્ણવ અને આશુતોષ કંઈક અધીરાઈથી રાહ જોતાં ઊભા હતા. અર્ણવે પૂછ્યું, 'શાલુ ! હેવ યુ સેટલ્ડ હિમ ?'

'ઓ યેસ.'

આશુતોષે તીક્ષ્ણ નજરે જોઈ પૂછ્યું 'ઈશાનને ગેસ્ટરૂમમાં રાખ્યો છે ને ?'

'એ તો કેવી રીતે ફાવે મોટા ભાઈ ? પછી કોઈ ગેસ્ટ આવી પડે તો ? મારી એક ફ્રેન્ડને સ્ટેટસથી રિસીવ કરવા એની નણંદ ને નણદોઈ બેત્રણ દિવસમાં જ આવશે.'

શાલ્મલી ખોટું બોલતી હતી ને આશુતોષ એ જાણતો હતો છતાં એ કંઈ કરી શકતો નહોતો. પોતે પણ ક્યાં ઈશાનને પોતાના રૂમમાં કે છોકરાંઓના રૂમમાં રાખ્યો હતો ? અને આજે કરણના કહેવાથી જાણ્યું કે ઈશાનનો કશો વાંક નહોતો છતાં પોતે એને ઘરમાંથી કાઢયો જ હતો ને ?

'ઈશાન ! તને કંઈ જોઈએ છે ?'

'આપણે ત્યાં પહેલાં માની એક છબી હતી ને ? મારે એક વખત જોવી છે' આખરે બોલાઈ જવાયું.

આશુતોષ ક્ષણભર મૂંઝાઈ ગયો. આસ્તેથી બોલ્યો, 'હા, પહેલાં હતી તો ખરી. કોને ખબર ક્યાં ગઈ. અર્ણવ, તારે ત્યાં છે ?'

'ઈમ્પોસિબલ ! હું તો ત્યાંથી કંઈ જ જૂનો સામાન લાવ્યો નથી. એવરીથીંગ ઈઝ બ્રાન્ડ ન્યૂ.' કહી અર્ણવે આત્મસંતોષથી પોતાના સામ્રાજ્ય પર દ્રષ્ટિ ફેરવી.

ઈશાન બોલ્યો, 'કંઈ વાંધો નહીં. આ તો એકવાર જતાં પહેલાં જોઈ લેત.'

'ઓ, તો તું જવાનો છે ? ક્યારે ?' અર્ણવ ઉત્સાહમાં આવી ગયો.

'ક્યારે તે નક્કી નથી, પણ જઈશ તો ખરો. થોડા વખતમાં જ હું બીજો બંદોબસ્ત કરી લઈશ.'

આશુતોષ પોતાનો કુંઠિત સ્નેહ એક લાચાર નજરમાં ઠાલવી દઈને બોલ્યો, 'ઈશાન ! હું જાઉં ત્યારે ? તને ફાવશે ને અહીં ? મને જણાવ્યા વગર કશું આડુંઅવળું ગોઠવતો નહીં.'

આશુતોષ ગયો, પણ એને લાગ્યું કે એની દુનિયા ખોવાઈ ગઈ છે. આ થોડા વખતમાં આ શું થઈ ગયું ? માત્ર લોહીની સગાઈ કે બીજું કશુંક ? ઈશાનથી છૂટા પડતાં બહુ પીડા થાય છે... ઓફિસે જતાં સુધીમાં આશુતોષે નક્કી કર્યું કે ગમે એમ કરીને ઈશાનને બે રૂમ લઈ આપવા. ઓફિસેથી જતાં આવતાં થોડીવાર એની પાસે જવાય, બેસાય, જીવને સારું લાગે. એમાં શું ? સંન્યાસી ન થયો હોત તો ત્રીજો ભાગ ન માગત ?

અર્ણવ અને શાલ્મલી નક્કી નહોતાં કરી શકતાં કે શું કરવું જોઈએ. શાલ્મલીને આશા હતી કે ફ્રાન્સિસના રૂમની વાત સાંભળતાં જ ઈશાન ભાગી જશે. તેને બદલે આ તો રહ્યો. લન્ચ ટાળવાની વાતથી યે ગભરાયો નહીં.

અર્ણવ ગયો અને શાલ્મલી એકલી પડી. મનમાં ક્યાંક ઊંડે થતું હતું કે પોતે ખોટું કર્યું છે. નવેસરથી રાંધવાની ખટપટ ભલે ના કરે, પણ કંઈક તો ખાવાનું આપવું જોઈએ. એક તો દિયર, પાછો સાચોખોટો તોયે સન્યાસી... ભૂખ્યો મારતાં પાપ નહીં લાગે ?

પછી વળી જોર કરીને એવા નબળા વિચારો હાંકી કાઢ્યા. એટલામાં શાકભાજી ને કરિયાણું લઈને ફ્રાન્સિસ આવ્યો. એ જરા પણ નારાજ ન થાય એની કાળજી રાખીને શાલ્મલીએ કહ્યું કે ઈશાન બે-ત્રણ દિવસ રહેવાનો છે એટલે એને માટે માળિયામાંથી એક ફોલ્ડિંગ કોટ ઉતારીને ફ્રાન્સિસે પોતાના રૂમમાં મૂકવો.

'ઠીક હૈ.'

શાલ્મલીને વિદાય કરીને ફ્રાન્સિસ અંદર ગયો ત્યારે ઈશાન શાંતિથી જપ કરતો હતો. ચિત્તની વૃત્તિઓ જે તે ઈંદ્રિય દ્વારા બહારના વિષયોને સ્પર્શ કરે ત્યારે જ મનુષ્યને સુખદુ:ખાદિનો અનુભવ થાય છે એ શાસ્ત્રવચનનું આજે તેને પ્રત્યક્ષ પારખું થયું હતું. નાસિકા તેની તે હતી, દુર્ગંધ તેની તે હતી, પરંતુ મનને દુર્ગંધનો અનુભવ થતો નહોતો. કારણ કે સંબંધ તૂટી ગયો હતો. ઈશાનના ચહેરા પર ભૂખ, તરસ, થાક કશાની એકે લકીર ખેંચાઈ નહોતી. એક નિર્મળ તેજ લહેરાઈ રહ્યું હતું.

ફ્રાન્સિસના પગ બારણાંમાં જ થંભી ગયા. એને લાગ્યું કે એ ગોવામાં છે. છ સાત વરસનો છે. એની સામે ફાધર હેરિસ બેઠા છે. નાનપણમાં એ ફાધરનું એને અદમ્ય આકર્ષણ હતું. ત્યાર પછી પણ ઘણાં વરસો લગી એને ફાધર હેરિસ સ્વપ્નમાં આવતા. હમણાંના બહુ વખતથી તેમને એ રીતે પણ જોયા નથી કે નથી યાદ કર્યા. આજે પોતાની મેળે કૃપાળુ થઈને એ અહીં આવ્યા છે. એની ઓરડીમાં બેઠા છે. જિસસ સાથે વાતો કરે છે. પોતાની છાતી પર ક્રોસનું નિશાન કરીને એ બહુ હળવે પગે અંદર દાખલ થયો અને ઈશાનની પાસે બેસી ગયો.

ઘણીવાર પછી ઈશાનનાં નેત્રો

ખૂલ્યાં અને ગંદી અંધારી ઓરડીમાં શ્રદ્ધાનાં સુંદર કમળો ખીલેલાં તેણે જોયાં. આ કોણ હતું? સોમગિરિને સ્પર્શતો એવા જ ભાવથી સામે બેઠેલી વ્યક્તિને ખભે હાથ મૂકીને તેણે પૂછ્યું, 'ભાઈ, તમે કોણ છો?'

'આપકા સર્વન્ટ, ફાધર!'

ભાવભીના ફ્રાન્સિસની આંખો છલોછલ ભરાઈ ગઈ. કેવાં શીતળ, કેવાં નિર્મળ એ અશ્રુ! માણસ એકવાર એમાં નહાય તો ગંગા નહાવાની જરૂર ન રહે. ઈશાને બે હાથે ફ્રાન્સિસના ખભા પકડીને એને ઉઠાડ્યો. મૃદુ સ્વરે કહ્યું, 'ફાધર કી બાતેં નહીં સુનાઓગે?'

'ક્યોં નહીં?' કહીને એણે શરૂઆત કરી ગોવાની એના બાળપણની વાતોથી. ત્યાંના વિશાળ, અતિ સ્વચ્છ શુભ્રાતિશુભ્ર સાગરકાંઠાની નવપલ્લવિત હરિત દ્રુમોમાંથી ડોકિયાં કરતાં સોનેરી અને લાલ કાજુફળની, દિનરાત ચાલ્યા કરતા મધુર કોંકણી સંગીતની, ઐશ્વર્યશાળી દેવળોની અને માની ગોદમાંથી મિત્રોની રમતમાં અને તરુણીઓના સંગમાં ઊગતા જતા પોતાના જીવનની.

એ બધી વાતોમાં વણાયે જતી હતી ફાધર હેરિસની આકૃતિ. ફ્રાન્સિસના તો એ જ ફિરસ્તા હતા, એ જ રક્ષણહાર, એ જ પિતા, એ જ સર્વસ્વ. એમના બોલ એ જ ફ્રાન્સિસનું બાઈબલ, એમનો આદેશ એ જ પ્રભુનો સંદેશ. એ પંદર વરસનો થયો ને ફાધરની બદલી કોઈ બીજા દેશમાં થઈ. ફ્રાન્સિસ લૂંટાઈ ગયો. બરબાદ થઈ ગયો. રોષે ભરાઈને એણે દેવળ છોડ્યું. નેકીનો રાહ છોડ્યો. આપ્તજનોનાં દિલ દુભાવ્યાં. જે કંઈ ખોટું કહી શકાય તે બધું જ કર્યું. થાકીને માએ એને કાઢી મૂક્યો ત્યારે એ મુંબઈ આવ્યો ને આખરે આ નોકરીમાં સ્થિર થયો. લાંબી વાત પૂરી કરીને એણે બાળકભાવે એક જ પ્રશ્ન પૂછ્યો, 'આપ કહાં ચલે ગયે થે ફાધર હેરિસ?'

એના બેય હાથ પકડીને ઈશાને પોતાને હૈયે ચાંપી લીધા. પળભર ઈચ્છ્યું કે પોતે ખરેખર જ ફાધર હેરિસ હોય અને પછી હસીને કહ્યું, 'મગર વો મૈં નહીં હૂં!'

'મેરે લિયે તો આપ હી ફાધર હેરિસ હૈ.' દ્રઢતાથી કહીને ફ્રાન્સિસ ઊઠ્યો અને દયાળુ ઈસુના ચમત્કારથી ગદ્ગદ થઈ ખૂણામાં લટકાવેલા ક્રોસ સમક્ષ પ્રાર્થના કરવા લાગ્યો. આ જીવને આટલી શાતા પહોંચાડવા માટે જ પ્રભુએ પોતાને અહીં મોકલ્યો હશે, નહીંતર આ ભાઈ-ભાભીને પોતાના નોકરની ઓરડીમાં રાખવાનું કેમ સૂઝતું, એ વિચારથી ઈશાન પણ પ્રભાવિત થઈ ગયો.

સાંજ પડવા આવી હતી. ફ્રાન્સિસને સ્કૂલમાંથી આવેલી નેન્સીની સેવા ઉપરાંત રસોડું સંભાળવાનું હતુ, ઘરની સાફસૂફી કરવાની હતી, ઘણાં કામ હતાં. એણે વિનયપૂર્વક ઈશાનને બહાર બેસાડીને સૌથી પહેલાં તો પોતાની ઓરડી ચંદન જેવી ચોખ્ખી કરી પછી આગ્રહ કરીને ઈશાનને દૂધ પાયું. ત્યારબાદ એ ઘરનાં કામમાં ગૂંથાયો, પણ ઊંડા પાણીમાં ડૂબકી મારનાર થોડી થોડી વારે સપાટી પર આવીને શ્વાસ લઈ જાય એમ એ હરતાંફરતાં ઓરડીમાં ડોકિયું કરીને ઈશાનને જોઈ જતો હતો.

રાતે અર્ણવે જાણ્યું કે ઈશાન તો રોજ દિવસમાં એક જ વાર જમે છે અને તે પણ બપોરે જ, ત્યારે એને ભૂખ્યો રાખવા બદલ દિલગીર થઈને એ શાલ્મલી સામે જોવા લાગ્યો, પણ શાલ્મલીએ માત્ર ખભા ઉલાળ્યા. એને લાગ્યું કે ઈશાન માટે કંઈ કરવું જોઈએ એટલે એ શાલ્મલીને વીનવવા લાગ્યો કે આપણે બન્ને ઈશાનને જરાક આંટો મારવા બહાર લઈ જઈએ. શાલ્મલી થાકી હતી, પણ આખરે માની અને અર્ણવ ઈશાનને સમજાવીને બહાર લાવ્યો એટલે ત્રણે જણ લિફ્ટમાં નીચે ઊતર્યા.

લિફ્ટના દરવાજા સામે જ ઉપરવાળા એન. માણેકલાલની દીકરી ઈપ્સિતા ઊભી હતી તે જોઈને અર્ણવ ખુશ ખુશ થઈ ગયો અને ઝૂકીને સ્મિત કરવા લાગ્યો. શાલ્મલીને ઈપ્સિતા નહોતી ગમતી કારણ કે તે નિર્વિવાદપણે અતિશય સુંદર હતી અને અઢળક પૈસાને લીધે એનાં કપડાં દાગીના હંમેશા અદ્વિતિય રહેતાં. જ્યાં ઈપ્સિતા દેખાય ત્યાં આસપાસની બધી સ્ત્રીઓ માત્ર પડછાયા જેવી બની જતી અને બધા પુરુષો ઈપ્સિતાને જ જોયા કરતાં. એથી આગળ વધવાની કોઈની હિંમત ન ચાલતી; કારણ કે ધન અને રૂપ ઉપરાંત એનો મિજાજ પણ જોરદાર હતો એ વાત જગજાહેર હતી.

લિફ્ટનો દરવાજો ખૂલ્યો અને ત્રણે જણ બહાર નીકળ્યાં ત્યારે અંદર જવાને બદલે ઈપ્સિતા સાશંક નજરે એ લોકો સામે તાકી જ રહી. શાલ્મલી અને અર્ણવ આ વર્તનના આશ્ચર્યથી મુક્ત થાય એ પહેલાં ઈપ્સિતા બોલી ઊઠી, 'કોણ, ઈશાનબાબા?' અને એક ડગલું પાછળ હઠી ગયેલા ઈશાનના ચરણમાં નમી પડી. ◆

**(વધુ આવતા અંકમાં)**

**નોંધ :** ધીરુબહેન પટેલની નવલિકા આગન્તુકનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

સૌજન્ય : તરલાબેન પ્રવીણ શેઠ, મુંબઈ

**દીશા શેઠ** - કોલકત્તા



નાનપણથી મારા દાદા, પરમ કૃપાળુ દેવના ૨૦ દોહરા અને ક્ષમાપના કરવાનું કહેતા, તો ત્યારથી જ હું એ ગાતી. મને પહેલાથી જ પરમ કૃપાળુ દેવનું ચિત્રપટ જોઈને ખૂબ આનંદ આવતો.

હું ૧૬ વર્ષની હતી જ્યારે મને પૂજ્ય પપ્પાજી પહેલીવાર મળ્યાં. એમને જોતા જ મારા અંતરમાં અપાર પ્રેમનો વિસ્ફોટ થયો પણ હું કંઈ બોલી ન શકી, ફક્ત રડવું આવે. એક અક્ષર પણ રડ્યા વગર બોલી ન શકી.

